જાગુષ્ટે પુસ્તકાલયનું

ચૈત્રી સંવત ૧૯૬૯ નું

ભવીષ્ય ફળ.

જેમાં

રૂ, સુતર, અફીણ, ચાંદી, ઘઉં, અળશી, સરસવ,
તલ, તેલ, ઘી, ગોળ, વગેરે દરેક વસ્તુની તેજી
મંદી તથા સુકાળ દુકાળનો નિર્ણય
દર્શાવ્યો છે.

છપાવી પ્રસિદ્ધ કરનાર.
બુકસેલર મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે.
ઠે. ત્રણ દરવાજા—અમદાવાદ.

સત્યપ્રકાશ પ્રીન્ટીંગ પ્રેસમાં શા. પ્રેમચંદ તલકચંદ
તથા મોહનભાઈ શકરાભાઈ ગાંધીએ છાપ્યું.
ઠે. ખાડીયા—અમદાવાદ.

આવૃત્તિ ૧ લી. પ્રત ૭૦૦.

સને ૧૯૬૯. સન ૧૯૧૨.

કીંમત એક આનો.

Δ2:(56).2183
3605

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराअिट विभाग]

अनुक्रमांक ૩૯૯૫ वर्गांक

पुस्तकनुं नाम ૧૬૬૮ નું ભાવપ્રાંઇઝ

विषय Δ२:८६.५३३

વેપારીઓને સૂચના.

સટ્ટો આજકાલ સઘળે સ્થળે પ્રસરી ગયો છે. તે એક જાતનો જુગારી વ્યાપાર છે તેની ના કહી શકશે નહિ. તે ન કરાય તો વધારે સારૂં, તોપણ તેઓનો જીવ તેમાંજ ખૂંચી રહ્યો છે, તેમને તેના વિના ચેન પડવું દુર્લભ છે! એટલે અહીં સટોરીઆઓને થોડી સૂચના આપવી જરૂરતી છે. સટ્ટો કરનારે તેની સાલ, કરવાની રીત, બજારના ઢંગ વગેરે પર સારી રીતે ધ્યાન આપવું જોઇએ, કેવળ શ્રદ્ધાને ભરોસે રહેનાર અને પરમેશ્વર પેદા કરાવશે તો કરીશું એમ માનીને વેપાર કરનાર પોતાનેજ નુકસાન કરે છે. અમેરિકાવાળાઓ માને છે કે સટ્ટાથી પોતાને લાભ છે. તેઓ પોતાના દેશમાં ઉત્પન્ન થનાર રૂ જેવી ચીજો ઉપર સટ્ટો ખેલે છે, અને મોટે ભાગે તેઓ પોતાની મરજી મુજબ તેની ઘટવધ કરી શકે છે; ત્યારે આપણે મોટે ભાગે ચાંદી જેવી પરદેશી ચીજ ઉપર સટ્ટો ખેલીએ છીએ એટલે તેના ભાવની વધઘટ બાબતમાં આપણે પરતંત્ર છીએ. ઇંગ્લંડના બજાર ભાવ ઉપર આપણને આધાર રાખવો પડે છે. આ કારણથી તેવી ચીજોના સટ્ટા ખેલતાં મુખ્યત્વે કરીને બજાર ભાવ ઉપર સૌથી વધારે લક્ષ આપવું જોઇએ. બજારમાં થોડી થોડી વારમાં ભાવમાં ઘટવધ થતી રહેતી હોય ત્યારે ખાસ કરીને વેપાર બંધ કરવો તે સલાહભરેલું છે. સ્થિર તેજી મંદી ઉપર બજાર ભાવ કેવો રહેશે તેનું અનુમાન ઠીક કરી શકાય છે, અને ભવિષ્યફળ પણ મોટે ભાગે તે પ્રકારની સ્થાયી તેજી મંદી દર્શાવે છેઃ ક્ષણે ક્ષણે બદલાતા ભાવો તે દર્શાવતું નથી.

તેજી મંદીની બાબતમાં ખાસ ધ્યાનમાં રાખવું કે નાના નાના

યોગનું ફળ તેજી મંદી કરનાર વક્રને આધીન છે. તેજીના વક્રમાં જેવું ફળ તેજીના યોગોનું મળે છે તેવું મંદીના યોગોનું મળતું નથી, અને જો મળે છે તો તે વધારે વખત ટકતું નથી. તેમજ મંદીના વક્રમાં પણ જેવું ફળ મંદીના યોગોનું મળે છે તેવું તેજીના યોગોનું મળતું નથી અને જો મળે છે તો તે વધારે વખત ટકતું નથી. એ કારણથી બજારના વક્ર—વલણ ઉપર પણ ધ્યાન રાખવાની જરૂર છે.

દુકાળ—સુકાળની બાબત ઉપર આવતાં જાણવું જોઇએ કે ધાન્યાદિ પ્રત્યેક વસ્તુના સુકાળ થવાથી મંદી અને દુકાળ થવાથી તેજી થાય છે, પરન્તુ જેટલી મંદી અથવા તેજી સંવતના આધારપર હોવાથી થાય છે તે અનુમાને ભાદરવા સુદ ૧૫ થી આસો વદ ૩૦) સુધીમાંજ થઈ જાય છે. ત્યાર પછી એવી મંદી અથવા તેજી બહુધા થતી નથી, કારણ કે સુકાળ દુકાળનું પૂરતું અનુમાન તેજ દિવસોમાં થાય છે.

ઉનાળુ અનાજોની બાબતમાં પણ થોડું લક્ષ રાખવાનું છે. ફાગણ મહિનામાં ખેતરોમાં પાક બહુ સારો દેખાતો હોવાથી પેદાશની આશા બહુ વધી જાય છે, જેથી ભાવ મંદા થઇ જાય છે, અને ચૈતર મહિનામાં જ્યારે કાપણી થાય છે ત્યારે પેદાશ ઓછી દેખાતાં ભાવ તેજ થઈ જાય છે. તેથી ફાગણમાં ખરીદી કરવાથી અને ચૈતરમાં વેચવાથી બહુધા લાભજ થાય છે.

લી.

એક જ્યોતિષી.

ખાસ સૂચના—ગયા વર્ષના ભવિષ્ય ફળમાં મારવાડી પંચાંગ પ્રમાણે પુનમીઆ મહીના રાખવામાં આવ્યા હતા પરંતુ કેટલાંએક ગ્રાહકોને તેની સમજમાં ઘોંટાળો પડતો હોવાથી તેઓની ભલામણથી આ વર્ષમાં ચાલતી રૂઢી પ્રમાણે મહીના રાખવામાં આવ્યા છે, જેથી સર્વેને સુલ્લભ થઇ પડશે.

ચૈત્રી સંવત

૧૯૬૯ નું ભવિષ્ય ફળ.

ભવાની વાક્ય.

ગાજ્યો સોંઘી અગણોતરે, હોય અન્નનો કાળ;
શાહુકાર સોદા કરે, રસ આવ્યો વેપાર.
સોંઘા સોદા જે કરી, સંચે અન્ન ને માલ;
થશે તેને અતિ ફાયદો, વેચશે મોંઘો માલ.

સંવત્સરનું ફળઃ–આ વર્ષમાં રક્તાક્ષિ નામનો સંવત્સર છે, તેનું ફળ એવું છે કે વર્ષાદ કોઇ ઠેકાણે વધારે તો કોઇ ઠેકાણે ઓછો વર્ષે; ખેતી કર્માંધર્મી થાય, તેથી અનાજનો ભાવ તેજ રહે. દેશમાં ઉપદ્રવ અધિક થાય, લોકો અરસ્પરસ વૈર બુદ્ધિથી વર્તે. ચોરનો ઉપદ્રવ થાય, પશુ દુઃખ પામે, વેપારીઓને લાભ થાય. ચૈત્ર, વૈશાખ અને જેઠમાં અનાજનો ભાવ પ્રથમ મંદ પડી પાછળથી તેજ થાય. આષાઢમાં વર્ષાદ દરેક સ્થળે વધારે વર્ષે, પરંતુ શ્રાવણ અને ભાદરવામાં ઠેકાણા વિનાનો એટલે કોઇ સ્થળે અધિક તો કોઇ સ્થળે બીલકુલ નહિ જેવો વર્ષે. આસો મહીનામાં રોગનો ઉપદ્રવ ચાલે. કાર્તકથી ફાગણ સુધીના પાંચ મહીનાઓમાં વેપારીઓને લાભ વધારે થાય.

આ સંવત્સર આ વર્ષમાં શ્રાવણ સુદી ૨) બીજ સુધી રહેશે પછી ક્રોધી નામનો સંવત્સર બેસશે; અને તેથી અષાઢ સુધી રક્તાક્ષિ સંવત્સરનું અને ત્યાર બાદ ક્રોધીનું ફળ મળશે તે એવું છે કેઃ–

ક્રોધી સંવત્સરમાં વૃષ્ટિ કોઇ સ્થળે વધારે તો કોઇ સ્થળે ઓછી, ખેતીવાડી કોઇ સ્થળે ચોમાસું સારી તો કોઇ સ્થળે શિયાળું ઉનાળું શ્રેષ્ટ. અનાજના ભાવોમાં વારંવાર વધઘટ થાય. રાજાઓમાં વિરોધ અને જગતમાં રોગનો ઉપદ્રવ થાયઃ-

વર્ષનું નામ જ્યેષ્ઠ છે તેનું ફળ એવું છે કે:—

ज्येष्टाद्बे धर्म मार्गस्था पीडयन्ते सत्क्रियापराः
नच वर्षन्ति वै देवो भवेत्सस्य विनाशनम् ॥

જેઠ નામના વર્ષમાં ધર્મ ક્રિયામાં તત્પર રહેનારાઓને પીડા થાય. વર્ષાદ ઘણો ઓછો વર્ષે, તેથી ખેતીનો નાશ થઇ દુકાળનો ભય ઉપજે.

बहु वारिप्रदा मेघा बहु सस्य युता धरा।
लोकाश्चैवाभिनन्दन्ति वर्षेशो रजनिपति ॥

વર્ષનો રાજા ચંદ્ર છે. એનું ફળ એવું છે કે વર્ષાદ અધિક વર્ષે. ચોમાસુ ખેતી સારી નીપજે. લોકો આનંદમાં રહે. મજીઠ, લાલમરચાં, મધ, મીણ, તલ, તેલ, ઘી વિગેરેનો સંગ્રહ કરી શ્રાવણ ભાદરવામાં વેચવાથી લાભ થાય.

મંત્રીફળ—જે વર્ષમાં શુક્ર મંત્રી હોય તે વર્ષમાં ધન અને ધાન્યની વૃદ્ધિ થાય, અનાજના ભાવ મંદા, રાજાઓમાં મિત્રતા, લોકોમાં વિવાહ વિગેરે માંગલિક ઉત્સવો થાય. પરંતુ કેટલાક સ્થળે ઉંદર અને તીડનો ઉપદ્રવ થાય. સમુદ્ર કિનારાના દેશોમાં વૃષ્ટિ અધિક થાય.

આગલા ધાન્યના સ્વામિનું ફળ—આગલા ધાન્યનો સ્વામિ ચંદ્ર છે તેથી વર્ષાદ અધિક વર્ષે. ખેતી સારી પાકે, ધાન્યની વૃદ્ધિ થાય, ગાયો દૂધ વધારે દે, જગતમાં આરોગ્યતા રહે, અને સ્ત્રીઓને સંતતિ વિશેષ ઉત્પન્ન થાય.

પાછલા ધાન્યના સ્વામિ શનિનું ફળ—વૃષ્ટિ ઓછી, શિયાળું, ઊનાળું ખેતીમાં નુકશાન, રોગનો ઉપદ્રવ, દુકાળનો ભય, અને લોકોને કષ્ટ થાય.

મેઘના સ્વામિ ગુરૂનું ફળ—વૃષ્ટિ પ્રથમ ઓછી પરંતુ પાછળથી અધિક થાય, દરેક પ્રકારનાં ધાન્યોની વૃદ્ધિ, રાજાઓમાં મિત્રતા, અને જગત્‌માં યજ્ઞાદિ ધર્મ કાર્યો થાય.

रसपइन्दुसुतो यदिसंभवेल्लसुनचित्रकहिंगुकणाऽल्पता ॥
कण फलंच सरस्तटिनीलवं सुफलताऽमलकांमधूकजा ॥

આ વર્ષમાં લસણ, ચિત્રો, હિંગ, લીંડીપીપર વિગેરેની પેદાશ ઓછી થાય તેથી તેનો ભાવ પણ તેજ રહે. આમળાં, આંબા, જાંબા, મહુડા વિગેરેનાં ફળ તેમજ ફુલો વધારે ઉત્પન્ન થાય. તેમજ રવીથી થનારા પાકો સારા થાય.

चन्द्रश्चेन्निरसेशस्तर्हि स्यादजतस्य ॥
मुक्ताया वसन स्पर्धा धिक्यं निखिलस्य ॥

આ વર્ષમાં નિરસનો સ્વામિ ચંદ્ર છે, તેથી મોતી, ધોળાં કપડાં, શંખ, છીપો, કપાસ વિગેરે ધોળી વસ્તુઓની પેદાશ સારી થાય, તેમજ તેમનો ભાવ પણ સારો આવે.

ફળના સ્વામિ ગુરૂનું ફળ—વૃક્ષોની વૃદ્ધિ, ફળોની ઉત્પત્તિ અધિક, યજ્ઞાદિ ધર્મક્રિયાઓ અને વેદ ધર્મનો પ્રચાર અધિક થાય.

ધનનો સ્વામિ ચંદ્રમા છે તેનું ફળઃ—

धनपति मृगलांछन को यदा रस चयात्क्रयविक्रयतो धनम् ॥
वसन शालि युतां धनजं बहु द्रविण तैल घृतं नृप सौख्यकम् ॥

આ વર્ષમાં ગોળ, ખાંડ, તેલ, ઘી, મીઠું, તેમજ સમુદ્રની વસ્તુઓ ખરીદી વેચનારને સારો લાભ થાય. કપડાં, ચોખાની વૃદ્ધિ અધિક, લોકો પાસે ધનનો સંચય સારો રહે તેથી વ્યાજ વટાવનો ધંધો કરનારાઓને લાભ ઓછો થાય, મીલોના શેરોના ભાવમાં ઘટાડો વધારો વિશેષ થાય.

મેઘનું નામ આવર્ત્ત છે જેથી આ વર્ષમાં વૃષ્ટિ સઘળે સ્થળે એકસરખી નહિ થાય—રોહિણીનો નિવાસ સમુદ્રમાં છે, તેમજ મેઘનો વાસો માળીના ઘેર છે, તેનું ફળ વર્ષાદ સારો વર્ષે.

નાગનું ફળ—આ વર્ષમાં વૃષભ નામનો નાગ છે, જેથી કોઇ સ્થળે અતિવૃષ્ટિ તો કોઇ સ્થળે અનાવૃષ્ટિ. કોઇ સ્થળે ઊંદરનો તો કોઇ સ્થળે તીડનો ભય થાય.

વર્ષપ્રવેશ સમયના લગ્નનું ફળ—આ વર્ષમાં ધન લગ્ન સમયે વર્ષ પ્રવેશ કરે છે, જેથી ઉત્તર તથા પૂર્વના દેશોમાં સુખ, મધ્યપ્રાંતોમાં અતિશય વૃષ્ટિને લીધે દુકાળ તથા રોગનો ઉપદ્રવ, પશ્ચિમ તરફના દેશોમાં ઘી તેમજ અનાજના ભાવ પાંચ મહીનાઓ પછી મંદા, દક્ષિણ તરફના દેશોમાં મનુષ્યોને સુખ પરંતુ પશુઓને કષ્ટ થાય.

વર્ષપતિના પ્રવેશ સમયનું ફળ—

मेष प्रवेश लग्ने वा यदिस्याद्वर्ष जन्मानि ॥
सप्तमस्थो यदा पापो धान्य जातं विनाशयेत् ॥

વર્ષ પ્રવેશ સમયે તુલા લગ્ન હોઇ તેનાથી બીજે ગુરૂ, પાંચમે ચંદ્ર, છટ્ઠે બુધ, શુક્ર, રાહુ, સાતમે સૂર્ય, શની અને બારમે કેતુ રહેલો છે. જેથી કોઇ કોઇ સ્થળે વાવેતર કરેલી ખેતીનો નાશ થઇ દુકાળનો ભય ઉત્પન્ન થાય; તેમાં પણ ઘણા ભાગે પશ્ચિમ તરફના દેશોમાં વધારે અનિષ્ટ ફળ નિપજે. જો કે બીજો અને પાંચમો મહીનો તો સારો

પસાર થાય, પરંતુ છઠ્ઠો મહીનો સાધારણ, અને સાતમો તથા બારમો મહીનો અશુભ ફળદાયક નિવડે.

વર્ષાદની જન્મ પત્રિકા—આ વર્ષમાં વર્ષા ઋતુ બેસતી વખતે સૂર્યની સાથે બુધ રહેલો છે, સૂર્યથી બીજે મંગળ, ચોથે કેતુ, ૮ મે ગુરૂ, ૧૦ મે રાહુ, અને ૧૨ મે ચંદ્ર, શુક્ર અને શનિ રહેલા છે. જેમાં મંગળ, કેતુ, રાહુ, અને શનિવૃષ્ટિની અલ્પતા કરવાવાળા છે, અને બુધ, ચંદ્ર, શુક્ર એ વૃષ્ટિ કરનારા છે, પરંતુ શુભ ગ્રહો કરતાં ક્રુર ગ્રહો અધિક બાધક છે, જેથી જોઇએ તેવી વૃષ્ટિ નહિ થાય; તો પણ જળની સાધારણ રીતે તંગાશ પડશે નહિ.

ચોમાસું અનાજની જન્મપત્રિકા—આ વર્ષમાં શરદ ઋતુ બેસતી વખતે સૂર્યથી બીજે મંગળ, પાંચમે કેતુ, ૭ મે ગુરૂ, ૧૧ મે રાહુ, અને બારમે ચંદ્ર, બુધ, શુક્ર તથા શનિ રહેલા છે. જેથી ચોમાસામાં ઉત્પન્ન થનારાં ડાંગર, જુવાર, બાજરી, મકાઇ, મગ, મઠ, અડદ, તલ વિગેરે ધાન્યોની પેદાશ દેશના સઘળા ભાગોમાં એકસરખી થશે નહિ.

શિયાળુ અનાજની જન્મ પત્રિકા—હેમંત ઋતુ બેસતી વખતે સૂર્યના ભેગા બુધ, ગુરૂ રહે છે. સૂર્યથી બીજે શુક્ર, ત્રીજે ચંદ્રમા, પાંચમે રાહુ, ૭ મે શનિ, ૧૧ મે કેતુ, અને બારમે મંગળ છે. જેથી ઘઊં, જવ, ચણા, અળસી વિગેરેની ઉત્પત્તિ સાધારણ રીતે સારી થશે.

વર્ષના સ્તંભો—એક પણ સ્તંભ પૂર્ણપણે નથી. જેમ કે ચૈત્ર શુદી ૧) ના દિવસે રેવતી નક્ષત્ર ૪૨ ઘડી પછી બેસે છે. વૈશાખ શુદી ૧) ના દિવસે ત્રણ ઘડી પછી ભરણી થાય છે. અને જ્યેષ્ટ તથા અષાઢમાં સ્તંભનો યોગ ઉપજતો નથી. એનું ફળ શ્રેષ્ટ નથી.

અધિક માસનું ફળ—

द्वयाषाढे वृथा किंचित् खंड वृष्टि क्वचित् पुनः ॥

જે વર્ષમાં બે અષાઢ હોય તે વર્ષમાં કોઇક સ્થળે રોગનો ઉપ-દ્રવ, તો કોઇક સ્થળે ખંડ વૃષ્ટિ થાય.

કર્ક અને મકર સંક્રાંતિનું ફળઃ—

કર્ક મકર બે બ્હેન છે, બેસે એક જો વાર;
તો વિશ્વે વિગ્રહ થશે, કે પડે અચિંતો કાળ.

એ જોતાં બંન્ને સંક્રાંતીઓ એકજ વારે બેસે છે, તેનું ફળ સારૂં નથી. તો પણ તે દિવસે પાપવાર નહોતાં સોમવાર છે, જેથી વધારે અડચણ નહિ થાય.

રાહુનું ફળઃ—આ વર્ષમાં રાહુ મીનના છે, તેથી અનાજના ભાવ તેજ રહે.

ગુરૂનું ફળઃ—ગયા કાર્તકથી ગુરૂ વૃશ્ચિકના થયા છે. જે આ-વતા કાર્તિક સુધી રહેશે. ત્યાં સુધી ખેતીવાડી સાધારણ, ધાન્યની તેજી, અને વૃષ્ટિની કંઇક તાણ રહેશે.

શનિનું ફળ—मेष राशा यदा सौरि पश्चिमायाश्च विग्रहम् ॥
महर्घ जायते तत्र ऋषिर्गणैश्च भाषितम् ॥

આ વર્ષમાં મેષ રાશિમાં શનિ જેષ્ટ શુદી ૧૫) સુધી રહેશે. ત્યાં સુધી ગુજરાત, સોરઠ (કાઠીયાવાડ), કચ્છ, વાગડ, મારવાડ વગેરે પશ્ચિમ ભણીના દેશોમાં દુષ્કાળની પીડા, વૃષ્ટિની તાણ, અને મનુષ્યોનાં મન ઉદ્વેગમાં રહેશે.

ગ્રહણનું ફળઃ—ચૈત્ર શુદી ૧૫ સોમવાર, ફાગણ શુદી ૧૫ શનિવારે ચંદ્રગ્રહણ, અને ચૈત્ર વદી ૦)) બુધવારે સૂર્યગ્રહણ એમ આખા વર્ષમાં ત્રણ ગ્રહણો છે, જેનું ફળ કેટલાએક સ્થળે સારૂં તો કેટલાએક સ્થળે નેષ્ટ નિવડશે.

એ પ્રમાણે આખા વર્ષનું સ્થૂળ ફળ કહ્યું, હવે પ્રત્યેક માસનો વિચાર કરીએ.

ચૈત્ર માસ.

શુદી ૧) મંગળવાર, તા. ૧૯ મી માર્ચ સને ૧૯૧૨.

વર્ષ મંગળવારે બેસે છે, તેથી ખંડ વૃષ્ટિ, કેટલીએક જગ્યોએ દુષ્કાળ, અનાજના ભાવ તેજ, અગ્નિનો ઉપદ્રવ અધિક, ચોરોનો ઉપદ્રવ, તીડ, ઉંદરના ઉપદ્રવથી ખેતીને નુકશાન, પરંતુ મધ્ય દેશમાં કોઇપણ પ્રકારનો ઉપદ્રવ ન થાય.

આ દિવસે જો ગાજવીજ કે વૃષ્ટિ થાય તો આગળ શ્રાવણ ભાદરવામાં વૃષ્ટિ નહિ થવાથી દુકાળ પડે. સં. ૧૯૫૬ માં એ પ્રમાણે થયું હતું. જેથી ભારે દુકાળ પડયો હતો માટે એ વાત ખાસ ધ્યાનમાં રાખવી.

ચૈત્ર શુદિ ૨ બુધવાર તા. ૨૦-૩-૧૨.

આ દિવસ ચંદ્રનો ઉદય થાય છે, તેથી અફીણ વિગેરે સઘળા રસોનો ભાવ પંદર દિવસમાં ઘટી જાય. અને ચાંદીની તેજીમંદી લગાડવાવાળાઓને લાભ થાય.

ચૈત્ર શુદી ૫ તા. ૨૩ મી માર્ચ. આ દિવસે ચંદ્રનો ઉદય આગળ થશે અને રોહિણીની ગાલ્લી પાછળ રહેશે તેથી વર્ષ મધ્યમ નિવડશે.

ચૈત્ર શુદી ૯ તા. ૨૭-૩-૧૨.

મિથુનનો મંગળ થતો હોવાથી બે મહીનાની અંદર દુધ, દહીં, ઘી, ગોળ, ખાંડ, વિગેરેની કમી, અનાજ અને અફીણનો ભાવ તેજ, અને ચાંદી તેમજ કપાસના ભાવમાં વધઘટ થઈ છેવટ સાધારણ ભાવ રહે.

ચૈત્ર સુદી ૧૦ તા. ૨૮ મી માર્ચ—

અશ્વિની નક્ષત્રમાં બુધ પ્રવેશ કરે છે. તેથી ૭ દિવસની અંદર ઘઉં, જવ, ચણા, વિગેરેની ધસકી વધારે આવે. દુધ, દહીં, ઘી, ગોળ વિગેરેનો ભાવપણ એ ૭ દિવસમાં મંદો થાય, પછી પાછો તેજ થાય કોઇ કોઇ સ્થળે થોડો ઘણો વર્ષાદ થાય. વળી એજ દિવસે પૂર્વા-ભાદ્રપદનો શુક્ર થાય છે તેથી બાર દિવસની અંદર અનાજની આવક ઠીક થાય.

ચૈત્ર શુદી ૧૨-૧૩ તા. ૩૦ મી માર્ચ—

તિથી ક્ષય તેથી ત્રણ દિવસમાં અફીણનો ભાવ મંદ, ચાંદીના ભાવમાં ગટ વધ, અને રૂનો ભાવ કંઇક તેજ થાય. એજ દિવસે રેવતીનો સૂર્ય થાય છે, તેથી પંદર દિવસની અંદર અનેક પ્રકારનાં ફળ, ફુલ, શંખ, મોતી, સુગંધીવાળી વસ્તુઓ, અને ફોતરાં વાળાં અનાજ તેમજ મીઠાના (સિંધવ) ના વેપારીઓને લાભ થાય.

ચૈત્ર સુદી ૧૫ તા. ૧લી એપ્રીલ—આ દિવસે ચંદ્ર ગ્રહણ છે, તેનું ફળ લોકોને કષ્ટ, રૂ, તેલ, ઘી એનો સંગ્રહ કરવાથી ત્રીજા મહીને જતાં સારો લાભ થાય, અને ચાંદીના ભાવમાં એક માસની અંદર સેંકડે બે ત્રણ રૂા. ની વધ ઘટ થાય, તેથી તેજી મંદી લગાડવામાં ફાયદો છે.

ચૈત્ર વદી ૧ મંગળવાર તા. ૨જી એપ્રીલ—ચાંદીના ભાવમાં વધ ઘટ થાય.

ચૈત્ર વદિ ૨ બુધવાર તા. ૩ જી એપ્રીલ—બુધ વક્રગતિનો થાય છે- જેથી ચોવિસ દિવસ અંદર ઘી, ઘોળ, અફીણ, ચાંદીના ભાવ તેજ થાય, કપાસનો ભાવ પ્રથમ તેજ થઇ પછીથી મંદા થાય.

ચૈત્ર વદી ૨ ગુરૂવાર તા. ૩જી એપ્રીલ—બુધ વક્રગતિનો થાય છે. જેથી ઘઉં, જવ, ચણા. ચોખા વિગેરે અનાજ તેમજ કપાસ અને ઘીનો ભાવ એક માસની અંદર મંદ થાય, અને એ અરસામાં એ ચીજો પૈકી જે ચીજ ખરીદવામાં આવે તે આગળ ઉપર વેચતાં લાભ થાય.

ચૈત્ર વદી ૪ તા. ૫મી એપ્રીલ—ચોવીસ દિવસની અંદર અનાજની આવક થવાથી ભાવ મંદ થાય અફીણ, રૂનો ભાવ મંદ પડે ચાંદીના ભાવમાં વધઘટ થાય.

ચૈત્ર વદી ૫ તા. ૬ઠ્ઠી એપ્રીલ—બુધનો અસ્ત થાય છે. જેથી રૂ. ના ભાવમાં દર મણે આઠ બાર આના તેજી થઇ પછી પાછી મંદી થાય છે.

ચૈત્ર વદી ૬ તા. ૭મી એપ્રીલ--રવીવારે છે તેથી ઘી તેમજ અન્નને મોંઘાં કરે.

ચૈત્ર વદી ૭ તા. ૮મી એપ્રીલ.—ઉત્તરા ભાદ્રપદનો શુક્ર થાય છે જેથી ૧૧ દિવસમાં જગતમાં આનંદ વર્તાય.

ચૈત્ર વદી બીજી ૭ તા. ૯મી એપ્રીલ—ત્રણ દિસમાં અફીણનો ભાવ કંઇક તેજ થાય, વળી આ દિવસે મંગળ આર્દ્રા નક્ષત્રમાં

વેશ કરે છે, જેથી ત્રેવીશ દિવસમાં વર્ષાદ વાદળાં વિગેરે થાય. મીન રાશિનો બુધ થાય છે, જેથી ૧૩ દિવસમાં અફીણ તથા ચાંદીના ભાવ માં વધઘટ થાય.

ચૈત્ર વદી ૮ તા. ૧૦મી એપ્રીલ—ભરણી નક્ષત્રમાં શનિ પ્રવેશ કરે છે, જેથી ૧૨ દીવસમાં તુવર, મીઠું, ચણા, રાઇ,જીરૂં. સવા, મેથી, વરીયાળી, ચપડાલાખ, ગળી, તમાકુ, મગફળી, તલ, ગોળ, ઘી, સાજીખાર, અફીણનો ભાવ તેજ થાય.

ચૈત્ર વદી ૧૦ તા. ૧૨મી એપ્રીલ—મેષનો સૂર્ય થાય છે જેથી નાળીએર, સોપારી, રૂ, ગોળ, ખાંડ, તલ, તેલ વિગેરે એક મહીનાની અંદર મોંઘા થાય. ચાંદીનો ભાવ તેજ થાય અને અફીણના ભાવમાં વધઘટ થાય.

ચૈત્ર વદી ०)) તા. ૧૭ મી એપ્રીલ—આ દિવસ સૂર્ય ગ્રહણ છે, જેથી કપાસ અને ચાંદીના ભાવમાં વધઘટ થાય પરંતુ આ ગ્રહણ સઘળે ઠેકાણે દેખાય એવડું નથી, જેથી ફળ પણ સર્વ ઠેકાણે નહિ મળતાં જ્યાં જ્યાં તે દેખાશે ત્યાં ત્યાં મળશે.

વૈશાખ માસ

વઈશાખ સુદી ૨ તા. ૧૯ મી એપ્રીલ—રેવતીનો શુક્ર થાય છે જેથી દશ દીવસમાં ધાન્યની આવક અધીક થાય, પરંતુ મીઠુ મજીઠ, આલ કસુંબીનો ભાવ તેજ થાય.

વૈશાખ સુદી ૩ તા. ૨૦ મી એપ્રીલ—આ દિવસે અખાત્રીજ હોઇ રોહણી નક્ષત્ર પણ છે જેથી વર્ષ સારૂ નીકળે, પરંતુ શનિવાર છે તેથી કેટલીક એક જગોએ દુષ્કાળનો ઉપદ્રવ કરે.

વૈશાખ સુદી ૫-૬ તા. ૨૨ મી એપ્રીલ--તિથિ ક્ષય છે જેથી ત્રણ દિવસમાં અફીણ તથા અનાજનો ભાવ તેજ થાય બુધનો ઉદય થાય છે અને ચંદ્રવાર છે જેથી દશ દિવસમાં રૂનો ભાવ તેજ થાય તેમજ આખું વર્ષ પણ રૂના ભાવમાં વધઘટ રહે.

વૈશાખ સુદી ૭ તા. ૨૩ મી એપ્રીલ--શનીનો અસ્ત થાય છે, જેથી અનાજની વૃદ્ધી થાય છે, રૂની તેજી થઇ મંદી થાય અઠ-વાડીયામાં અફીણના ભાવમાં રૂ. ૫૦ થી ૧૦૦ ઘટવધ થાય.

વૈશાખ સુદી ૮ તા. ૨૪ મી એપ્રીલ--બુધવાર છે જેથી એક પખવાડીઆમાં અનાજ અને અફીણના ભાવમાં વધઘટ થાય.

વૈશાખ સુદી ૯ તા. ૨૫ એપ્રીલ--બુધમાર્ગી થાય છે જેથી પાંચ દીવસમાં અફીણ ધાન્ય તેજ થાય, અને રૂ, ઘી, ગોળના ભાવ મંદા થાય.

વૈશાખ સુદી ૧૦ તા. ૨૬ મી એપ્રીલ--ભરણીનો સૂર્ય થાય છે જેથી પંદર દિવસમાં અનાજના ભાવ કંઇક તેજ થવાથી ગરીબ લોકોને કષ્ટ પડે.

વૈશાખ સુદી ૧૩ તા. ૨૯ એપ્રીલ—ગુરૂ જ્યેષ્ટાનક્ષત્રમાં પ્રવેશ કરે છે જેથી બત્રીશ દિવસ સુધી વર્ષાદની તાણ અને ચાંદીના ભાવમાં વધઘટ થાય, તેમજ એ દિવસે મેષનો શુક્ર થાય છે જેથી છત્રીશ દિવસમાં અનાજના ભાવ તેજ થાય. ભેંસ વિગેરે પશુઓને પીડા થાય, કોઇ કોઇ સ્થળે વર્ષાદ વર્ષે, ચાંદીના ભાવમાં સેંકડે બે રૂા. અને રૂ ના ભાવમાં દર ભારે રૂા. ૧૦ થી ૧૫ તેજી અથવા વિશેષ ભાગે મંદી થાય. વળી સૂર્ય, શુક્ર, અને શનિ એ ત્રણ ગ્રહો એક

રાશિમાં એકત્ર થાય છે. જેથી દશ દિવસમાં ઘી, જવ, ચણા, ઘઊં, ચોખા, તેજ થાય.

વૈશાખ વદી ૧ તા ૨ જી મે—પુનર્વસુનો મંગળ થાય છે, જેથી ૨૩ દિવસમાં તલ, તેલ, અળસી, સરસવ વિગેરે તેલીઆં બીયાં મોંઘાં થાય. ભેંસોના રોગથી નાશ થાય.

વૈશાખ વદી ૬ તા. ૭ મી મે—કૃતિકાના પ્રથમ પાયામાં શનિ પ્રવેશ કરે છે, જેથી ૨૫ દિવસમાં અગ્નિનો ઉપદ્રવ થાય, વૃષ્ટિની કમતાઇ, જેથી માણસો અને પશુઓને કષ્ટ, ચંદન, કપુર વિગેરે સુગંધિ વસ્તુઓના ભાવ તેજ થાય, પરંતુ શનિનો અસ્ત છે તેથી એ બધું ઘણું ઓછું થાય.

વૈશાખ વદી ૮ તા. ૯ મી મે—મેષ રાશિનો બુધ થાય છે, જેથી ૧૯ દિવસની અંદર ગાય, ભેંસ વિગેરે પશુઓની ઘરાકી વધારે થાય, રૂ અને ચાંદીના ભાવમાં કંઇક મંદી અને વૃષ્ટિ સાધારણ થાય. સૂર્ય, બુધ, શુક્ર, શનિ એ ચાર ગ્રહો એકઠા થાય છે જેથી કોઈ એક ખંડમાં ઉપદ્રવ થાય.

વૈશાખ વદી ૯ તા. ૧૦ મી મે—કૃતિકાનો સૂર્ય થાય છે જેથી ત્યારથી માંડીને પંદર દિવસ સુધીમાં થોડા ઘણા પણ વૃષ્ટિના છાંટા થાય તો ચોમાસું સારૂં નિવડે. અને જો વૃષ્ટિ ન થાય તો ચોમાસું ખરાબ નિવડે. આ દિવસે ભરણીનો શુક્ર થાય છે જેથી ૧૧ દિવસમાં મગ, મીઠું, અડદ, ચણા વિગેરે તેજ થાય.

વૈશાખ વદી ૧૨ તા. ૧૩ મે—વૃષભ રાશિનો સૂર્ય થાય છે. જેથી એક મહીનામાં સોનાનો ભાવ મંદ થાય, અનાજના ભાવ તેજ

થાય, રૂ નો ભાવ તેજ, ચાંદીનો મંદ થાય. ૧૧ દિવસમાં છીપ અને મોતીનો ભાવ તેજ, અને અફીણનો ભાવ વધઘટ થાય.

વૈશાખ વદી ૦)) તા. ૧૬ મી મે—ગુરૂ વારે છે, જેથી ૧૦ દિવસમાં રૂ નો ભાવ મંદ થાય. આ દિવસ સંધ્યાની વખતે સૂર્ય અસ્ત થતી વખતે જુએ, અને ફરીથી જ્યેષ્ટ સુદી બીજનો ચંદ્રમા ઊદય થઇ અસ્ત થાય તેને પણ જુએ. જો ચંદ્રમા સૂર્યથી ઉત્તરમાં અસ્ત થાય તો સુકાળ, અને દક્ષિણમાં થાય તો દુકાળ, અને સૂર્યની જગ્યોએજ થાય તો વર્ષ મધ્યમ નિવડે છે માટે એ અવશ્ય જોવું.

જેઠ માસ.

જેઠ સુદી ૧ તા. ૧૭ મી મે—રેવતીનો રાહુ અને ચિત્રા નક્ષત્રનો કેતુ થાય છે, જેથી બે મહીનાઓમાં તલ, તેલ, એરંડા, અળસી, સરસવ, ઘી, ગોળ, ખાંડ, જવ, ધઊં, ચણા, મેસુર વિગેરેનો ભાવ મંદ અને તુવેર, રાઇ, જીરૂં, વરીયાળી, સવા, લાખ, સીસું, લોઢું, સુતર, ચામડાના ભાવ તેજ થાય.

જેઠ સુદી ૨ તા. ૧૮ મી મે-ચંદ્રનો ઊદય શનિવાર અને મૃગશીર નક્ષત્રમાં થાય છે. તેમજ ભરણીનો બુધ થાય છે; તેથી એક માસમાં ધાન્યનો ભાવ તેજ થાય. અફીણનો ભાવ આઠ દિવસમાં તેજ થાય, ઢેઢ, ચમારોને રોગોથી કષ્ટ થાય.

જેઠ સુદી ૩ તા. ૧૯ મે—કર્ક રાશિનો મંગળ થાય છે, જેથી દોઢ મહીના સુધી કોઇ એક ઠેકાણે વૃષ્ટિ સારી થાય તો કોઇક ઠેકાણે તાણ રહે, અને દુકાળનો ભય ઉપજે. અનાજ સાધારણ તેજ રહે. અફીણ તેજ રહે, ચાંદીના ભાવમાં થોડી વધઘટ થાય.

જેઠ સુદી ૫ તા. ૨૧–મે રોહિણીનો સૂર્ય થાય છે. જેથી પંદર દિવસમાં ખરીદવા વેચવાની જણસોમાં અધિક વધઘટ થાય, જેથી વેપારીઓ અને ખેડૂતોને કષ્ટ થાય. જો એ દિવસથી પંદર દિવસ સુધી વાદળું, વર્ષાદ વિગેરે ન થઇ સૂર્ય બરાબર તપે તો વર્ષાકાળમાં વર્ષાદની બીલકુલ તાણ ન પડે.

જેઠ સુદી ૭ તા. ૨૩ મે—કૃતિકાનો શુક્ર થાય છે. જેથી સાત દિવસમાં સરસવ, અડદ તેજ થાય, અને કેટલીએક જગ્યાએ અનાજ વંચાય.

જેઠ સુદી ૮ તા. ૨૪ મે—વૃષભ રાશિનો શુક્ર થાય છે, જેથી ચાર દિવસમાં અનાજનો ભાવ તેજ થાય. રૂ, ચાંદી, અફીણનો ભાવ મંદ પડે, મીલોના શેરના ભાવ મંદ પડે. પુષ્યનો મંગળ થાય છે જેથી ચોરોનો ઉપદ્રવ થાય.

જેઠ સુદી ૯–૧૦ તા. ૨૫ મે—તિથિ ક્ષય છે, જેથી અફીણના ભાવમાં રૂા. ૫૦) ની તેજી થાય, શનિવાર છે તેથી પશુઓમાં કષ્ટ થાય.

જેઠ સુદી ૧૧ તા. ૨૬ મી મે—કૃતિકા નક્ષત્રનો બુધ થાય છે, તથા બુધનો અસ્ત થાય છે; તેથી ૩૪ દિવસમાં રૂનો ભાવ પ્રથમ તેજ થઈ પછી મંદ પડી પાછો તેજ થાય. એવધઘટ રૂા. ૧૫ થી ૨૦ સુધી થાયે, તેમજ અફીણનો ભાવ દિવસ ત્રણ પછી મંદો થાય.

જેઠ સુદી ૧૩ તા. ૨૮ મી મે—શુક્રનો અસ્ત થાય છે તેથી વૃષ્ટિ અધિક વર્ષે, મનુષ્યોને કષ્ટ થાય, મારવાડમાં દુકાળનો ભય ઉપજે ચાંદી, ત્રાંબુ, પીતળ, જસત, પારો, હિંગળોક, સોનામુખીનો ભાવ તેજ થાય, ગાયોને પીડા થાય, તેમજ દરેક જાતનાં પશુઓમાં રોગ ચાલે, એ ફળ અસાડ વદી ૧૦) સુધીમાં મળે.

બુધ, શુક્ર બન્ને શુભ ગ્રહો અસ્ત થયા છે, તેથી વૃષ્ટિ સારી થઇ અનાજનો ભાવ મંદ થાય, પરંતુ શની પણ અસ્ત થયો છે; જેથી કેટલાક સ્થળે વૃષ્ટિની તાણ થાય. અનાજના ભાવ તેજ રહે. રૂ અને ચાંદીના ભાવમાં બહુ ફેરફાર થાય, એથી તેની મંદી લગાડવાવાળાઓને તથા છોટી ગલી લગાડનારાઓને અવશ્ય લાભ થાય.

જેઠ વદી ૧ તા. ૩૧ મે--શનિનો ઉદય થાય છે, તેથી એક માસમાં વૃષ્ટિ કોઇ સ્થળે વધારે તો કોઇ સ્થળે કમી થશે. અફીણમાં એક મહિનામાં રૂા. ૫૦ થી સો તેજ થઇ પાછો ભાવ મંદ પડે. રૂમાં દીન ૮ માં રૂા. ૫ થી ૭ નો ઘટાડો થાય.

જેઠ વદી ૨ તા. ૧ જુન--જેષ્ટા નક્ષત્રના ચરણમાં ફરીથી ગુરૂ પ્રવેશ કરે છે, જેથી ૩૦ દીવસની અંદર હાથી, ઘોડા, ભેંસ, ઊંટ, ગધેડાં વિગેરેની વૃદ્ધિ થાય, કંદમૂળ, ફળ, કેસર, કપુર કસ્તુરી, ચંદન, અગર, જટામાંસી વિગેરેનો ભાવ પણ ઘટી જાય રોહિણીનો શુક્ર થાય છે, જેથી ૧૧ દિવસમાં ખેતીની વૃદ્ધિ અને રોગની શાન્તિ થાય. આ દિવસે બ્રહ્મપક્ષના ગણિત પ્રમાણે વૃષભ રાશીનો શનિ થાય છે, જે અઢી વર્ષ સુધી રહેશે. ત્યાંસુધી પશુઓને કષ્ટ થાય, રાજાઓમાં કલેશ, કોઇક દેશમાં રોગનો ઉપદ્રવ, અનાજ અને રસકસના ભાવ તેજ, ધાતુનો ભાવ મંદ અને અફીણના ભાવ બાબત મેષ રાશિમાં શનિ રાહુનો વેધ થવાથી જે તેજનો યોગ ઉપજ્યો હતો તે નિકળી ગયો છે, જેથી ભાવમાં વધઘટ થઇ આખરે મંદી રહેશે. શનિ આ રાશિમાં અઢી વર્ષ રહેશે તેથી એનું ખરૂં ફળ તો આવતા વર્ષમાં મળશે. આ વર્ષમાં તો માત્ર અનાજનો ભાવ પ્રથમ મંદો કરી પછી તેજ કરશે. અને ધાતુ છઠ્ઠે મહીનેથી તેજ થઈ અગ્યારમા મહીના સુધી તેજ રહેશે, જેથી તે અરસામાં વેચવાથી લાભ થશે. અને અફીણ ત્રણ મહિનામાં તેજ થશે.

જેઠ વદી ૨ તા. ૨ જી જુન—તીથી વૃદ્ધિ તેથી પાંચ દિવસમાં અફીણનો ભાવ મંદો થશે. રોહણીનો બુધ થાય છે, તેથી સાત દિવસમાં રૂ, સુતર, કપડાં, તલ વિગેરેનો ભાવ તેજ થાય.

જેઠ વદી ૬ તા.. ૬ જુન—મૃગશીર નક્ષત્રનો સૂર્ય થાય છે. તેથી દિવસ ૧૫ માં કાપડ, સુતર, ચંદન, સુગધી વસ્તુ તેમજ ફળ ફુલનો ભાવ તેજ થાય.

જેઠ વદી ૯ તા. ૯ જુન—બુધ મૃગશર નક્ષત્રનો થાય છે. તેથી અઠવાડીયાની અંદર વાયુ તથા વર્ષાદનો ઉપદ્રવ થાય, ઘઉં, અડદ, તલનો ભાવ મંદ થાય.

જેઠ વદી ૧૨ તા. ૧૨ જુન—મૃગશીરનો શુક્ર થાય છે, જેથી દશ દિવસની અંદર ખેતીનું કામ શરૂ, થાય, અને મગ, અડદ વિગેરેના ભાવ ઘટી જાય.

જેઠ વદી ૧૩ તા. ૧૩ જુન—મિથુન રાશિનો બુધ થાય છે, તેથી ૧૬ દિવસમાં પવન સાથે વૃષ્ટિ થાય, સિંદુર, સોનું, ગળી, તેલ, અને રૂનો ભાવ મંદ થઈ છેવટ કંઇક તેજ થાય. વળી એજ દિવસે મિથુન સંક્રાન્તિ બેસે છે તેથી એક મહિના સુધી વાયુનું જોર રહે, તલ, તેલનો ભાવ મંદ થાય, ચાંદીમાં વધઘટ થાય, અફીણનો ભાવ તેજ અને રૂનો ભાવ પ્રથમ મંદ થઇ પાછળથી તેજ થાય, ગોળ, ઘીનો ભાવ પણ ઉતરી જાય મુર્તિ ૪૫ છે તેથી નવ દિવસમાં અનાજનો ભાવ તેજ, અફીણનો મંદ, પરંતુ પાછળથી અનાજનો ભાવ તેજ થઇ અફી- ણનો મંદ થાય.

જેઠ વથી ૧૪ તા. ૧૪ મી જુન—અશ્લેષાનો મંગળ થાય છે, તેથી ૨૧ દિવસમાં કોઇ કોઇ સ્થળે વૃષ્ટિની કમી, ખેતીવાડીની

હાનિ, ધાન્યનો ભાવ તેજ, રૂનો ભાવ મંદ થઇને તેજ, અફીણના ભાવમાં વધઘટ અને સાપનો ઉપદ્રવ થાય.

જેઠ વદી ૦)) તા. ૧૫ મી જુન—શનિવાર છે તેથી અનાજનો ભાવ તેજ થાય, રૂમાં વધઘટ થાય, ધાન્યની ધરાવી વધે—

અધિક અષાડ માસ.

શુદિ ૧ તા. ૧૬ મી જુન—રવીવાર અને પુનર્વસુ નક્ષત્ર છે, તેથી પંદર દિવસમાં સુતર કાપડ વિગેરેનો ભાવ તેજ થાય. બાકીની ચીજોના ભાવ મંદ પડે. એ દિવસે આર્દ્રા નક્ષત્રનો બુધ થાય છે તેથી સાત દિવસની અંદર કોઇ સ્થળે અતિશય વૃષ્ઠિ થાય.

શુદિ ૨, ૩ તા. ૧૭ જુન—તિથી ક્ષય છે. તેથી ચાર દિવસની અંદર અફીણના ભાવમાં રૂ. ૫૦ અને રૂમાં રૂ. ૫થી ૭ તેજ થાય. વળી મિથુનનો શુક્ર થાય છે. તેથી વાયુ અને વૃષ્ટિનો સાથે ઉપદ્રવ થાય. રૂમાં મંદી અને અફીણમાં તેજી ઉત્પન્ન કરે ચાંદીમાં પણ વધઘટ થાય.

શુદિ ૬ તા. ૨૦ મી જુન—આર્દ્રાનો સૂર્ય થાય છે, તેથી જો પંદર દિવસની અંદર વાદળું, વીજળી, વર્ષાદ વિગેરે થાય તો ચોમાસું સારૂં જાણવું. પરંતુ એ દિવસોમાં જો વર્ષાદ વિગેરે કંઇપણ ન થતાં કેવળ પવનનુંજ જોર ચાલ્યાં કરે તો વર્ષ ખરાબ સમજવું.

શુદિ ૮ તા. ૨૨ મી જુન—આર્દ્રાનો શુક્ર થાય છે તેથી ૧૧ દિવસની અંદર કોઇ સ્થળે વૃષ્ટિની તાણ કહેવરાવે.

શુદિ ૯ તા. ૨૩ જુન—પુનર્વસુ નત્રત્રનો બુધ થાય છે,

તેથી આઠ દિવસની અંદર બાળકોને કષ્ટ અને રૂ, સુતર, કાપડના ભાવ મંદ કરે.

શુદિ ૧૫ તા. ૨૯ જુન—કર્ક રાશિનો બુધ થાય છે, તેથી વીશ દિવસની અંદર અનાજનો ભાવ સાધારણ થાય, સોનું, દેવદારનો ભાવ તેજ થાય અને અફીણનો ભાવ તેજ થાય. ચાંદીનો ભાવ મંદ પડે.

આ વર્ષમાં અસાડ બે છે માટે અસાડી પુનમના દિવસનો વાયુ, વાદળ વિગેરે બંને મહિનાઓની પુનેમના દિવસે જોઇ બંનેનું ફળ મેળવી તે ઉપરથી ફળ નક્કી કરે.

વદી ૧ તા. ૩૦ મી જુન—રવીવાર છે, તેથી એક મહીના પર્યંત વ્યાપારની કેટલીએક વસ્તુઓમાં ફેરફાર થઇ વ્યાપારીઓને સારો લાભ થાય.

વદી ૨ તા. ૧ જુલાઇ:—પુષ્યનો બુધ અને અનુરાધાનો ગુરૂ છે, તેથી રાજાઓને આનંદ થાય, એકમહીનામાં તુવેર, મઠ, ચણા, રાઇ, જીરૂં, સવા, મેથી, વરીઆળી, લાખ, ગળી, તલ, તેલ, ઘી, ગોળ, લવિંગ, સીસું, લોઢું, ચાંદીનો ભાવ સસ્તો થાય.

વદી ૪ તા. ૩ જુલાઈ:—પુનર્વસુનો શુક્ર થાય છે, તેથી ૧૧ દિવસમાં જગતમાં કોઇપણ પ્રકારનો ભય અને રૂ તથા ચાંદીનો ભાવ મંદ થાય.

વદી ૭ તા. ૬ જુલાઈ:—પુનર્વસુનો સૂર્ય થાય છે, તેથી પંદર દિવસની અંદર વર્ષાદ વાદળ વિગેરે સર્વે સ્થળે થાય. અને બુદ્ધિવાનો વિચારમાં પડી જાય.

વળી આ દિવસે મંગળ સિંહ રાશિમાં પ્રવેશ કરે છે, તેથી ૨૮ દિવસ પર્યંત સૂર્યનો તાપ અધીક પડે, કેટલાએક સ્થળે વૃષ્ટિ અધિક તો કોઇ કોઇ સ્થળે બીલકુલ થાય નહિ. કસુંબો, મજીઠ, આલ વિગેરે લાલ વસ્તુઓ, લાલ કપડાં, ત્રાંબુ, ચાંદી વિગેરે તેજ થાય.

વદી ૭ તા. ૬ જુલાઈઃ—નક્ષત્રની વૃદ્ધિ થઇ છે, તેથી ત્રણ દિવસમાં કેટલીએક જગોએ વાદળાં અને વર્ષાદનું જોર થાય. અને ગોળ ઘી વિગેરેના ભાવ મંદ પડે. સૂર્ય શુક્રની યુતિ થાય છે, તેથી રૂના ભાવમાં રૂ. ૮ થી ૧૦ નો ઘટાડો અને કોઇ સ્થળે અતિવૃષ્ટિ થાય.

વદી ૧૦ તા. ૯ જુલાઇઃ—મંગળવાર છે તેથી પાંચ દિવસમાં અફીણના ભાવમાં રૂ. ૫૦ થી ૧૦૦ નો અને ગોળમાં રૂ. ૦ાા) નો વધારો થાય. અશ્લેષાનો બુદ્ધ થાય છે તેથી ૧૦ દિવસમાં વૃષ્ટિ, વાદળા વિગેરેનું જોર થઇ કઠોળનો ભાવ મંદો પડે.

વદી ૧૩ તા. ૧૨ જુલાઈઃ—કર્કનો શુક્ર થાય છે તેથી ૨૪ દિવસમાં વાયુનું જોર થઈ ખંડ વૃષ્ટિ થાય, જેથી અનાજનો ભાવ કંઇક તેજ રહે. બુધ શુક્ર એકત્ર થાય છે તેથી સર્વ સ્થળે વૃષ્ટિ થશે. પરંતુ ૭ મહીના પછી અનાજનો ભાવ તેજ રહે.

વદી ०)) તા. ૧૪ જુલાઈઃ—રવીવાર છે અને પુનર્વસુ નક્ષત્ર બેસે છે તેથી દિવસ ૧૫ માં અનાજ તથા રસકસમાં વધઘટ થઇ છેવટ અનાજનો ભાવ મંદે અને ઘી, ગોળ વિગેરે રસકસનો ભાવ તેજ થાય. એજ દિવસે શુક્ર પુષ્ય નક્ષત્રનો થાય છે તેથી પણ ૧૧ દિવસમાં અનાજનો ભાવ વધઘટ થઇ છેવટ મંદ થાય.

અષાઢ માસ.

અષાઢ સુદી ૧ તા. ૧૫ જુલાઈ—ચંદ્રનો ઉદય સોમવાર અને પુષ્ય નક્ષત્રમાં થાય છે, જેથી ૧૫ દિવસમાં અફીણના ભાવમાં રૂા. ૧૦૦ થી ૧૦૦, રૂા.માં રૂા. ૧૦ થી ૧૨ અને ચાંદીમાં રૂા. ૧ થી ૨ ની તેજી થાય અને અનાજનું વેચાણ થાય, વળી કર્કનો સૂર્ય થાય છે તેથી એક મહીનો વર્ષાદ અને વાદળાં થાય, તેમજ કોઇ કોઇ અનાજ મોંઘું થાય. સોમવારે સંક્રાન્તિ છે. તેથી વર્ષ ૨૦ વસાનું નિવડે. પરદેશ ગયેલા લોક દેશમાં આવે. દસેક દિવસ અનાજનો ભાવ તેજ રહી પછી મંદો થઇ જાય. કોઇ કોઇ સ્થળે અતિવૃષ્ટિ થાય. ચાંદીના ભાવમાં રૂા. ૨ થી ત્રણનો ઘટાડો થાય. દુધ ઘી કમી ઉત્પન્ન થાય. ધાતુનો ભાવ કંઇક તેજ થાય. બુ. શુ. સૂ એકઠા મળે છે તેથી કેટલાએક સ્થળે દુકાળનો ભય ઉપજે.

અસાડ સુદી ૫-૬ તા. ૧૯ જુલાઇ—તિથિ ક્ષય છે, તેથી પાંચ દિવસમાં અફીણ અને રૂ નો ભાવ કંઈક તેજ થાય. અને ચાંદીના ભાવમાં ઘટાડો થાય. પુષ્યનો સૂર્ય થાય છે, તેથી ૧૫ દિવસમાં ઘઊં જવની ઘરાકી થાય. વળી સિંહ રાશિનો બુધ થાય છે તેથી તેવીસ દિવસમાં અનાજનો ભાવ સાધારણ થાય, છીપો, મોતી, દેવદાર, વિગેરેનો ભાવ તેજ થાય. અફીણ, રૂ, ચાંદીમાં વધઘટ થાય. રેવતીમાં રાહુ અને હસ્તમાં કેતુ પ્રવેશ કરે છે. તેથી સઘળી ધાતુઓ, સર્વે રત્નો, સર્વે કરીયાણાં, સઘળી પ્રકારનાં તેલોનો ભાવ મંદ થાય, પરંતુ ઘી ગોળની તેજી થાય. મં. બુ. એકઠા છે, તેથી ખેતીવાડીમાં નુકસાન થાય.

અસાડ સુદી ૧૨ તા. ૨૫ જુલાઈ—અશ્લેષાનો શુક્ર થાય છે, તેથી કેટલાએક સ્થળે વર્ષાદની તાણ. સાપનો ઉપદ્રવ, અને અફીણના ભાવમાં રૂા. ૫૦ મંદી થાય.

અસાડ સુદી ૧૪ તા ૨૭-૨૮ જુલાઇ—મંગળ પૂર્વા ફાલ્ગુનીનો થાય છે. તેથી ૨૨ દિવસમાં તલ, તેલ, ગોળના ભાવમાં વધઘટ થાય. બે ચૌદશો છે તેથી ૫ દિવસમાં ધાન્યના ભાવમાં ઘટાડો થાય.

અસાડ સુદી ૧૫ તા. ૨૯ જુલાઇ—આ દિવસનો સૂર્ય અસ્ત થતી વખતે વાયુ પૂર્વ, ઊત્તર અથવા ઇશાન તરફનો હોય તો શ્રેષ્ટ. પશ્ચિમ અથવા વાયવ્ય તરફનો હોય તો સાધારણ. અગ્નિ કે દક્ષિણ તરફનો હોય તો અશુભ, અને જો નૈઋત્ય તરફનો હોય તો મહા અશુભ જાણવો. જો વાયુ ઘણા જોરથી વાતો હોય તો તેનું પુરૂં ફળ, મધ્યથ વાતો હોય તો મધ્યમ, અને ઓછો વાતો હોય તો અલ્પ ફળ સમજવું.

જો એ દિવસ આખી રાત ચંદ્રમા વાદળાંથી ઢંકાયેલો રહે તો ચારે મહીનાઓમાં વૃષ્ટિ થાય અને થોડીવાર ઢંકાએલો રહેતો તે જેટલા પ્રહર ઢંકાએલો રહે તેટલા માસ વૃષ્ટિ થાય.

અસાડ વદી ૧ તા. ૩૦મી જુલાઈ—મંગળવાર છે. તેથી એક મહિનાસુધીમાં અગ્નિનો ઉપદ્રવ, અફીણની તેજ અને ચાંદી તથા રૂમાં વધઘટ થાય. વળી આ દિવસે બુધ વક્રી થાય છે તેથી ૨૨ દિવસમાં ગોળ, ખાંડ ઘી વિગેરેનો ભાવ તેજ, અનાજનો ભાવ મંદ અને રૂનો ભાવ પ્રથમ તેજ થઇ પછી મંદો થાય. ગુરૂમાર્ગી થાય છે તેથી પણ ૧૦ દિવસમાં અફીણ ઘી, તેલ રૂનો ભાવ કંઈક મંદો થાય

અસાડ વદી ૪ તા. ૨ આગષ્ટ—સૂર્ય અશ્લેષા મહાનક્ષત્રમાં

પ્રવેશ કરે છે જેથી પંદર દિવસ પર્યંત વૃષ્ટિ, વાદળાં વિગેરે થાય અફીણનો ભાવ તેજ થાય. બુધ અસ્ત થાય છે તેથી સોળ દિવસની અંદર અફીણની મંદી થઈ પાછી તેજ થાય અને રૂની પ્રાપ્તિ પ્રથમ તેજી થઇ પછી મંદી થાય.

અસાડ વદી ૭ તા. ૫ મી અગષ્ટ--કૃતિકા નક્ષત્રના બીજા ચલણમાં શનિ પ્રવેશ કરેછે. જેથી ૩૫ દિવસમાં મણી, માણેક, મોતી વીગેરે રત્નો જવ, ઘઉં ચણા વગેરે ધાન્ય હિંગ જીરૂં વિગેરે કરીયાણું તેજ થાય ગોદાવરી તથા કૃષ્ણા નદીની બન્ને બાજુઓના દેશોમાં વર્ષાદની તાણ અને મારવાડમાં દુકાળનો ભય ઉત્પન્ન થાય. વળી સિંહનો શુક્ર થાય છે તેથી ૨૪ દિવસમાં વર્ષાદની કંઇક તાણ થઇ અનાજનો કંઇક તેજ થાય સોનું તથા લાલ વસ્તુઓની અછત થાય, પશુઓને કષ્ટ અને અફીણ રૂ, ચાંદીમાં વધઘટ થઈ તેજી થાય મંગળ બુ. શું એકઠા છે તેથી પાચ દિવસમાં વૃષ્ટિ વિગેરેનો ઉપદ્રવ થાય.

અસાડ વદી ૧૦ તા. ૮ અગષ્ટ--શુક્રનો ઉદય થાય છે. તેથી વર્ષાદની પ્રથમ તાણ થઇ પછી વૃષ્ટિ થાય પસુઓને કષ્ટ થાય, બાળકોનું મૃત્યુ થાય, રૂ ચાંદી વીગેરે ધોળી વસ્તુઓના ભાવ તેજ થાય અતિ વૃષ્ટિનો ઉપદ્રવ થાય ધાન્યનો નાશ ચોરોનો ઉપદ્રવ ગુજરાતમાં જંતુઓનો ઉપદ્રવ રેશમ અને નાળીએરનો ભાવ બહુજ તેજ દુકાળની ધાસ્તી દેખાઇ પછી શાન્તિ થાય.

અસાડ વદી ૧૧ તા. ૯ અગષ્ટ—આ દિવસ મૃગશીર છે તેનું ફળ સારૂં નથી.

અસાડ વદી ૧૨-૧૩ તા. ૧૦ મી અગષ્ટ—તિથિ ક્ષય છે જેથી દિવસ પાંચમાં અફીણની તેજી અને અનાજના ભાવમાં ઘટાડો થાય.

અસાડ વદી ૧૪ તા. ૧૧ મી અગષ્ટ—કર્કનો બુધ થાય છે તેથી ૧૦ દિવસમાં અફીણ, ગોળ, ખાંડ, ઘી વિગેરેના ભાવમાં વધઘટ થાય.

શ્રાવણ માસ.

શ્રાવણ સુદી ૨ તા. ૧૩ મી અગષ્ટ—બુધવાર અને પૂર્વા ફાલ્ગુની નક્ષત્રમાં ચન્દ્રનો ઉદય થાય છે. જેથી દિવસ પંદરમાં ધાન્યનો ભાવ મંદ અને અફીણના ભાવમાં વધઘટ થાય.

શ્રાવણ સુદી ૪ તા. ૧૫ અગષ્ટ—સિંહ સંક્રાન્તિ બેસે છે. તેથી એક મહીનામાં સર્વ પ્રકારનાં ધાન્ય, તલ, તેલ, હળદર, ગોળ, ખાંડ, લાલ વસ્તુ, રત્ન તથા સાબુ વિગેરેનો ભાવ કંઇક તેજ થાય. પ્રજામાં આનંદ થાય, વાયુનું જોર ચાલે, વળી મઘા મહા નક્ષત્ર બેસે છે તેથી ખંડ વૃષ્ટિ થાય. વાયુનું જોર રહે. શુક્ર પૂર્વા ફા૦ નો થાય છે, તેથી ૧૧ દિવસમાં ધાન્ય, અને ઘીના ભાવ ઘટી જાય.

શ્રાવણ સુદી ૫ તા. ૧૬ મી અગષ્ટ—ઊતરા ફાલ્ગુનીનો મંગળ થાય છે. વીશ દિવસની અંદર કોઇ કોઇ સ્થળે વર્ષાદની તાણ પડે. પશુઓમાં રોગ ચાલે, ઘોડાઓના વ્યાપારીઓને લાભ થાય.

શ્રાવણ સુદી ૬ તા. ૧૮ મી અગષ્ટ—બુધનો ઊદય થાય છે, તેથી દિન ૫) માં અફીણ અને રૂ ના ભાવમાં ઘટાડો થાય, પછી પાછો તેજ થાય. કેટલાએક સ્થળે વર્ષાદની તાણ થઇ દુષ્કાળનો ભય ઊત્પન્ન થાય.

શ્રાવણ સુદી ૯ તા. ૨૧ અગષ્ટ—બુધ માર્ગી થાય છે, તેથી સાત દિવસમાં અફીણ તેજ અને રૂ નો ભાવ મંદ થાય.

શ્રાવણ સુદી ૧૦ તા. ૨૨ અગષ્ટ—કન્યાનો મંગળ થાય છે. તેથી ૧૬ દિવસમાં સોનું, ત્રાંબુ, તથા લાલ રંગનાં કપડાંનો ભાવ તેજ થાય. રૂ પ્રથમ મંદી થઇને પછી તેજ થાય. અફીણ અને ચાંદીના ભાવ સાધારણ રહે.

શ્રાવણ સુદી ૧૫ તા. ૨૭ અગષ્ટ—ઉત્તરા ફાલ્ગુનીનો શુક્ર થાય છે, જેથી ૧૦ દિવસમાં અનાજ વિગેરેની ઘરાકી થાય. જો આ દિવસે વાદળું અથવા વર્ષાદ થાય તો આગળ જતાં ઘી અને તેલ તેજ થાય.

શ્રાવણ વદી ૧ તા. ૨૮ અગષ્ટ—બુધવાર છે જેથી એક મહીનામાં મીલોના શેરોના ભાવ વધે. રૂ નો ભાવ મંદ પડે, ચાંદીનો ભાવ તેજ થાય.

શ્રાવણ વદી ૨ તા. ૨૯ અગષ્ટ—કન્યાનો શુક્ર, પૂર્વા ફાલ્ગુનીનો સૂર્ય, અને મંગળ, શુક્ર એકઠા થાય છે, તેથી ૨૫ દિવસમાં કોઇ સ્થળે ખેતીની હાનિ, અનાજ તેજ, ચોખાનો ભાવ વિશેષ તેજ, ચાંદી કંઈક મંદી, અને ૧૫ દિવસમાં અફીણ, રૂ, મીઠું, મીણ તેજ થાય.

શ્રાવણ વદી ૫ તા. ૧ સપટેમ્બર—સિંહનો બુધ થાય છે. જેથી ૨૧ દિવસમાં વ્યાપારની વસ્તુઓમાં ઘણો વધઘટ ભાવ થાય, જેથી કોઇને ઘણો લાભ અને કોઈને નુકશાન થાય.

શ્રાવણ વદી ૬ તા. ૨ સપટેમ્બર—જેષ્ટામાં ગુરૂ પ્રવેશે છે, જેથી ૨૯ દિવસમાં ગાય, ભેંસ, ઘોડાં, ઊંટ, ગધેડાં વિગેરેની છત વધારે થાય. કંદમૂળ, ફળ, ફુલ તથા સુગંધિવાળી વસ્તુઓનો ભાવ મંદ થાય. રૂના ભાવમાં રા. ૧૦ થી ૧૫ તેજ થાય.

શ્રાવણ વદ ૧૦ તા. ૬ સપ્ટેમ્બર—હસ્તનો મંગળ તથા શુક્ર થાય છે, તેથી ૧૧ દિવસમાં રૂ તથા અફીણ તેજ થાય.

શ્રાવણ વદ ૧૧ તા. ૭ સપ્ટેમ્બર—મંગળનો કન્યા રાશિમાં અસ્ત થાય છે. જેથી ઘઉં, જવ, ચણા, ગોળ તેજ થાય.

શ્રાવણ વદી ૧૩ તા. ૯ સપ્ટેમ્બર—શનિ વૃષભ રાશિમાં વક્ર ગતિનો થાય છે, જેથી કેટલાએક સ્થળે રોગનો ઉપદ્રવ, કેટલાએક સ્થળે અનાવૃષ્ટિ અને દુષ્કાળ નો ભય, કેટલાએક સ્થળે અનાજના ભાવમાં તેજી, કાપડ મોંઘું, અને અફીણના ભાવમાં રૂા. ૧૦૦ થી ૨૦૦ સુધી તેજી, રૂ ના ભાવમાં પ્રથમ રૂા. ૧૦ થી ૨૦ મંદ થઇ તેજી અને મીલોના શેરોના ભાવમાં રૂા. ૧૦૦) સુધીનો ફેરફાર થાય. એ બધું સાડા ચાર મહીનામાં બને.

શ્રાવણ વદી ૦)) તા. ૧૧ સપ્ટેમ્બર—પૂર્વા ફાલ્ગુનીનો બુધ થાય છે. જેથી નવ દિવસમાં અનાજનો ભાવ કંઇક મંદ થાય.

ભાદરવો માસ.

ભાદરવા સુદી ૧ તા. ૧૨ સપ્ટેમ્બર—ઉત્તરા ફાલ્ગુની મહા નક્ષત્ર બેસે છે. જેથી ૧૫ દિવસમાં વૃષ્ટિ થાય, પરંતુ કેટલાએક સ્થળે તાણ પડે. તિથિનો ક્ષય છે. જેથી પાંચ દિવસમાં અફીણનો ભાવ સાધારણ મંદ થાય, ચંદ્રનો ઉદય ગુરૂવાર અને હસ્ત નક્ષત્રમાં થાય છે જેથી ચાંદીના ભાવમાં વધઘટ થાય.

ભાદરવા સુદી ૬ તા. ૧૬ સપ્ટેમ્બર—કન્યા સંક્રાન્તિ બેસે છે, જેથી એક મહીનામાં નાળીએર, સોપારી, જાયફળ વિગેરે ફળો, મજીઠ, કસુંબો વિગેરે લાલ રંગ, તલ એરંડા સરસવ વિગેરે તેલીયાં

બીયાં તેમજ દરેક જાતની વેચવાની ચીજો મોંઘી થાય ઘી, ગોળ વિગેરે રસકસની વસ્તુઓના ભાવમાં વધઘટ થાય. અનાજ ભાવ ઘટી જાય સૂ, મં શુ, એકઠા છે જેથી ઘી, તેલ અને મસુરના ભાવ તેજ થાય

ભાદરવા સુદી ૭ તા. ૧૭ સપટેમ્બર—શુક્ર ચિત્રાના થાય છે. જેથી ૯ દિવસની અંદર કોઇ કોઇ સ્થળે વર્ષાદની તાણ થાય. તાવ વિગેરેની ઉત્પત્તિ થાય.

ભાદરવા સુદી ૧૦ તા. ૨૦ સપટેમ્બર—રેવતીના પ્રથમ ચરણમાં રાહુ હસ્તના ત્રીજા ચરણમાં કેતુ પ્રવેશ કરે છે જેથી બે મહીનામાં હાથી ઘોડા વિગેરે પશુઓ તેજ અને તલ તેલ વિગેરેના ભાવ ની મંદી થાય ઉત્તરા ફાલ્ગુનીનો બુધ થાય છે, તેથી આઠ દિવસમાં મગ અડદ વિગેરેના ભાવ તેજ થાય. તિથિ વૃદ્ધિછે તેથી ૫ દિવસમાં અફીણનો ભાવ મંદ થાય.

ભાદરવા સુદી ૧૧ તા. ૨૨ સપટેમ્બર—કન્યા રાશિનો બુધ થાય છે તેથી ૧૭ દીવસમાં રૂના ભાવમાં ઘટાડો થાય, સોનું તથા ખાંડનો સંગ્રહ કરી આગળ છ માસ જતાં વેચવાથી લાભ થાય, બુધનો અસ્ત થાય છે તેથી એક મહીનામાં રૂ. ૧૫ ની વધઘટ થાય.

ભાદરવા સુદી ૧૨ તા. ૨૩ સપટેમ્બર—તુલાનો શુક્ર થાય છે, તેથી ૨૪ દિવસમાં જગતમાં આનંદ ધાન્યની વૃદ્ધિ અને અફીણ રૂ ચાંદીના ભાવમાં કંઈક ઘટાડો થાય.

ભાદરવા સુદી ૧૫ તા. ૨૫ સપટેમ્બર—આ દિવસે જો દિવસ તેમજ રાત્રિમાં વાદળું અધિક થાય તો આગળ અનાજના ભાવમાં ઘટાડો થાય છે, એટલા માટે સંઘરી ન રાખતાં વેચી દેવું

અને જો વાદળ બિલકુલ ન હોય તો ધાન્ય આગળ જતાં તેજ થાય છે એટલા માટે નવું ખરીદી લેવું. આ દિવસે વળી હસ્તનો સૂર્ય થાય છે તેથી ૧૫ રીવસની અંદર માળવા વિગેરે કેટલાએક સ્થળોમાં વૃષ્ટિનો ઉપદ્રવ અને ડાંગર વગેરેનો ભાવ તેજ થાય.

ભાદરવા વદી ૧ તા. ૨૭ સપટેમ્બર—ચિત્રાનો મંગળ થાય છે, તેથી ૨૦ દિવસમાં તાવ વિગેરેનો ઉપદ્રવ થાય. ચોખા ઘઉં, ગોળ ખાંડ વિગેરે તેજ થાય. એક મહીનામાં વ્યાપારની વસ્તુઓમાં એવો ફેરફાર થાય કે જે વસ્તુઓ પ્રથમ મંદી હોય તે પાછળથી તેજ અને જે તેજ હોય તે પાછળથી મંદ થાય.

ભાદરવા વદી ૨ તા. ૨૮ સપટેમ્બર--હસ્તનો બુધ થાય છે, તેથી સાત દીવસમાં કેટલાએક સ્થળોએ વર્ષાદ વીગેરે થાય. વળી સ્વાતિનો શુક્ર થાય છે તેથી ૧૫ દિવસમાં કોઈક સ્થળે ચોરોનો ઉપદ્રવ અગ્નિનો ભય અને રૂમાં રૂા. ૧૦ થી ૧૨ની પ્રથમ તેજી થઇ પછી મંદી થાય.

ભાદરવા વદી ૫ તા. ૧ અકટોબર—જેષ્ટાના બીજા ચરણમાં ગુરૂ પ્રવેશ કરે છે તેથી ૨૦ દીવસમાં કસ્તુરી કપુર ચંદન વીગેરે સુગંધી હીરા, મોતી વીગેરે રત્ન, ચાંદી વિગેરે ધાતુ હીંગ દ્રાક્ષ શેંણુ સુતર રેશમ અને પશુઓની ઘરાકી વધારે થઈ ભાવ પણ તેજ થાય.

ભાદરવા વદ ૯-૧૦ તા. ૫ અકટોબર—તિથી ક્ષય છે તેથી ૪ દિવસમાં અફીણ તથા ધાન્યનો ભાવ તેજ થાય, ચીત્રાનો બુધ થાય છે તેથી ૮ દીવસમાં જોશી અને વેશ્યાઓના ધંધામાં ખોટ આવે વર્ષાદની તાણ પડે અને રૂના ભાવમાં મંદી થાય.

ભાદરવા વદ ૧૨ તા. ૭ અકટોબર—તુલાનો મંગળ થાય છે તેથી દોઢ માસમાં સર્વે ધાન્યો મોતી, કપુર રૂ, સુતર કપડાં વીગેરે-ની તેજી ચાંદીનો ભાવ મંદ અફીણનો ભાવ સાધારણ રહે. પરંતુ મં-ગળનો અસ્ત છે તેથી પુરૂં ફળ નહિ મળે.

ભાદરવા વદ ૧૪ તા. ૮ અકટોબર—તુલાનો બુધ થાય છે તેથી ૧૮ દીવસમાં વર્ષાદ વાદળ વિગેરે થાય ધાન્યની તેજી થાય, અ-ફીણ ચાંદી રૂનો ભાવ તેજ થાય ચીત્રાનો સૂર્ય થાય છે તેથી ચોખાનો ભાવ તેજ થાય ગાંધી અને ઝવેરીઓનો વેપાર કમી ચાલે ગાયન વિદ્યાવાળાઓને પીડા થાય.

આસોમાસ.

અસો સુદી ૧ તા. ૧૧ અકટોમ્બર—ચંદ્રનો ઊદય શુક્રવાર અને સ્વાતિ નક્ષત્રમાં થાય છે. તેથી એક મહીનાની અંદર અફીણના ભાવમાં રૂા. ૧૦૦, રૂમાં રૂા. ૧૦) ની તેજી અને સ્વાદિષ્ટ વસ્તુઓની ગ્રાહકી વિશેષ થાય.

આસો સુદી ૩ તા. ૧૩ અકટોમ્બર—સ્વાતિનો બુધ થાય છે, તેથી આઠ દિવસમાં કેટલાએક સ્થળે વર્ષાદની કમી અને રૂ તથા ચાંદીમાં વધઘટ થાય.

આસો સુદી ૬ તા. ૧૬ અકટોમ્બર—તુલાના સૂર્ય થાય છે, તેથી એક મહીનામાં સર્વે પ્રકારનાં અનાજ, તથા સોનાનો ભાવ કંઇક તેજ થાય, હાથીઓનો નાશ થાય તેથી હાથી દાંતના વ્યાપારી-ઓને લાભ વધારે થાય. રૂ અને ગોળના ભાવમાં વધઘટ થાય.

આસો સુદી ૭ તા. ૧૭ અકટોમ્બર—વૃશ્ચિકનો શુક્ર થાય છે, તેથી ૨૪ દિવસમાં જગતમાં કંઇક આનંદ થાય, પરંતુ ધાન્યનો ભાવ કંઈક તેજ થાય, અને રૂ નો ભાવ કંઇક તેજ થઇને મંદો થાય. સ્વાતિનો મંગળ થાય છે તેથી વૃષ્ઠિની તાણ, અને ફોતરાંવાળાં અનાજ મોંઘાં થાય.

આસો સુદી ૧૧ તા. ૨૧ અકટોમ્બર—કૃતિકાનો ત્રીજા ચરણનો શનિ થાય છે, તેથી ૪૨ દિવસમાં ચાંદી, સોનું, મોતી, પ્રવાળાં, માણેક નાળીએર, સોપારી, તજ વિગેરેના ભાવ તેજ થાય. રૂ ના પાકમાં કંઈક હાનિ થાય. વિશાખાનો બુધ થાય છે તેથી કેટલાએક સ્થળે અનાજ મોંઘું અને કેટલાએક સ્થળે સોંઘું થાય. અને રોગનો ઉપદ્રવ થાય. જેષ્ટાના ત્રીજા ચરણમાં ગુરૂ થાય છે તેથી ૧૮ દિવસમાં ચાંદી, ત્રાંબુ, મોતી તેજ થાય.

આસો સુદી ૧૪ તા. ૨૫ અકટોમ્બર—તિથિ વૃદ્ધિ થાય છે તેથી ૮ દિવસમાં ધાન્ય તથા અફીણનો ભાવ મંદ થાય.

આસો વદી ૧-૨ તા. ૨૭ અકટોમ્બર—રવીવાર છે તેમજ તેર દિવસનું પખવાડીયું છે, પરંતુ કૃષ્ણ પક્ષનું છે તેથી અશુભ ફળ નહિ મળે તો પણ તિથિ ક્ષયને લીધે અનાજ અને અફીણનો ભાવ ૮ દિવસમાં કંઈક તેજ થશે. વળી વૃશ્ચિકનો બુધ થાય છે તેથી ૨૬ દિવસમાં પશુઓનો ભાવ તેજ, સોનું થોડું તેજ, મોતી વિગેરેની ઘરાકી વિશેષ, અને અફીણ તથા ચાંદીના ભાવમાં વિશેષ ફેરફાર થશે. બુ. ગુ. શુ. એકઠા છે તેથી ૧૫ દિવસમાં ધાન્ય ઘી વિગેરેની મંદી થાય.

આસો વદી ૪ તા. ૨૯ અકટોમ્બર—અનુરાધાનો બુધ થાય છે, તેથી ૧૦ દિવસમાં ધાન્યનો ભાવ મંદ અને પક્ષીઓને પીડા થાય.

આસો વદી ૫ તા. ૩૦ અકટોમ્બર—જ્યેષ્ટાનો શુક્ર થાય છે, જેથી ૧૨ દિવસમાં અગ્નિ તથા ચોરોનો ઉપદ્રવ થાય વૃષ્ટિ થાય નહિ.

આસો વદી ૧૧ તા. ૫ નવેમ્બર—વિશાખાનો સૂર્ય થાય છે, જેથી ૧૫ દિવસમાં રૂ, ચણા તેજ થાય, નાળીએર વિગેરે ફળોનો ઊકાવ સારો થાય.

આસો વદી ૧૨ તા. ૬ નવેમ્બર—વિશાખાનો મંગળ થાય છે તેથી ૨૦ દિવસમાં ઘઊં તથા રૂ નો ભાવ તેજ થાય.

આસો વદી ૧૪ તા. ૮ નવેમ્બર—શુક્રવાર અને દીવાળી છે તેથી શુભ પરંતુ અનાજના વ્યાપારીઓને હાનિ થાય. જેષ્ટાના ચોથા ચરણમાં ગુરૂ જાય છે તેથી ૧૬ દિવસમાં ચોખા, ગોળ, ખાંડ, ઘી અને કરીયાણાનો ભાવ મંદ થાય.

કાર્તિક માસ.

કાર્તિક સુદી ૧ તા. ૯ નવેમ્બર—જેષ્ટાનો બુધ થાય છે, જેથી ૧૨ દિવસમાં ગોળ, ખાંડ, ઘી, તથા ચોખાનો ભાવ તેજ થાય. ઘોડાઓમાં રોગ ચાલે.

કાર્તિક સુદી ૨ તા ૧૦ નવેમ્બર—ધનનો શુક્ર થાય છે, તેથી ૨૭ દિવસમાં ખેતીની હાનિ, ધાન્યની મંદતા, અને રૂ, અફીણ, ચાંદીનો ભાવ પણ કંઇક નરમ થાય.

કાર્તિક સુદી ૬ તા. ૧૫ નવેમ્બર—વૃશ્ચિક સંક્રાન્તિ બેસે છે, તેથી એક મહીના સધી અનાજના ભાવમાં વધઘટ થઇ છેવટ સાધારણ ભાવ રહે. લાલરંગવાળી ચીજો તેમજ ઊનનો ભાવ કંઇક મંદો થાય, તેથી એ સમયમાં ખરીદી છ મહીના બાદ વેચવાથી લાભ

થાય. તલ, તેલ, અળસી, સરસવ, એરંડા, ખસખસ, મગફળી, સુતર, કપાસ, રૂનો ભાવ તેજ થાય. ગોળ, ખાંડ, ઘી નો ભાવ પણુ તેજ થાય.

કાર્તિક સુદી ૯ તા. ૧૮ નવેમ્બર—અનુરાધાનો સૂર્ય થાય છે તેથી ૧૫ દિવસમાં મગ, મઠ, જુવાર, બાજરી, ચોખા વિગેરે ચોમાસું અનાજનો ભાવ તેજ થાય.

કાર્તિક સુદ ૧૧ તા. ૨૦ નવેમ્બર—વૃશ્ચિકનો મંગળ થાય છે તેથી દોઢ મહીનામાં સર્વે પ્રકારનાં શસ્ત્રોની ગ્રાહકી વધારે થઈ ગોળ, ખાંડ, રૂ ના ભાવમાં ફેરફાર થાય. પરંતુ મંગળ અસ્ત છે તેથી પુરૂં ફળ ન મળે.

કાર્તિક સુદ ૧૨ તા. ૨૧ નવેમ્બર—પૂર્વાષાઢાનો શુક્ર થાય છે તેથી ૧૧ દિવસમાં સમુદ્રમાં ઉત્પન્ન થનારૂં મીઠું તથા અડદના ભાવ તેજ થાય. બુધ વક્રી થાય છે તેથી ૨૩ દિવસમાં અફીણુ, ગોળ, ઘી, તેલ વિગેરેનો ભાવ તેજ થાય. રૂ પ્રથમ તેજ થઇને પછી મંદ થાય. ઉત્તરા ભાદ્રપદના ચોથા ચરણુનો રાહુ થાય છે તેથી બે મહીનામાં તુવર, મઠ, ચણા, રાઇ, જીરૂ, સવા, મેથી, વરીયાળી, લાખ, ગળી, તલ, તેલ, ઘી, ગોળ, ખાંડ, મીઠું, સાજીખાર, લોઢું, સીસું, ચાંદી, શીંગુ, સુતર, ચામડું વિગેરેનો ભાવ તેજ થાય. રૂ ની તેજી ચાર મહીના સુધી ચાલે. જેમાં રૂા. ૪૦ થી ૫૦ તેજી થાય.

કાર્તિક સુદી ૧૫ તા. ૨૪ નવ્વેમ્બર—કૃતિકા નક્ષત્ર છે, જેથી સંવતનું ફળ સારૂં નિવડે; તેમજ ચાર મહિના સુધી અનાજનો ભાવ મંદ રહે. બુધનો અસ્ત થાય છે તેથી ૧૬ દિવસમાં રૂ ના ભાવમાં રૂા. ૧૦ થી ૨૦ ની વધઘટ થાય, એટલે પહેલાં ૧૦ દિવસમાં તેજ થઈ પછી મંદ પડી જાય. ધન રાશિનો ગુરૂ થાય છે જે એક વર્ષ

સુધી રહેશે. જેમાં ધણેંનો પાક કમતી થાય તેથી તેનો ભાવ તેજ રહે. આવતા ચોમાસામાં ખેતીવાડીને નુકશાન થાય, તથા તલ અને ગોળનો ભાવ તેજ થાય. રૂ ના ભાવમાં રૂા. ૨૦ થી ૪૦ ની વધઘટ થાય, જેથી મંદીમાં ખરીદી તેજીમાં વેચવાથી ફાયદો થાય.

કાર્તિક વદી ૧ તા. ૨૫ નવેમ્બર—ચંદ્રવારે છે તેથી એક મહીના સુધી પ્રથમ ટાઢ વધારે પડી પછી કમતી થઇ જાય. અનુરાધાનો મંગળ થાય છે તેથી ૨૧ દિવસમાં ધાન્યનો ભાવ નરમ રહે. પશુ તથા પક્ષીઓને પીડા થાય.

કાર્તિક વદી ૭ તા. ૧ ડીસેમ્બર—તિથી ક્ષય છે તેથી ૬ દિવસમાં અફીણ તથા ગોળનો ભાવ તેજ થાય. જેષ્ટાનો સૂર્ય થાય છે તેથી સટ્ટાબાજી કરનારાઓને ૧૫ દિવસમાં નુકશાન થાય.

કાર્તિક વદી ૯ તા. ૨ ડીસેમ્બર—ઊત્તરાષાઢાનો સૂર્ય થાય છે તેથી ૧૧ દિવસમાં મનુષ્યોને પીડા થાય. કૃતિકાના બીજા ચરણમાં શનિ પ્રવેશ કરે છે તેથી ૪૮ દિવસમાં સર્વે ધાતુઓ, રત્ન, અને સર્વે જાતનાં કરીયાણાંનો ભાવ ઊતરી જાય.

કાર્તિક વદી ૧૧ તા. ૪ ડીસેમ્બર—ગુરૂનો અસ્ત થાય છે તેથી ત્રણ દિવસ પછી અફીણના ભાવમાં રૂા. ૧૦૦ મંદી અને રૂ ના ભાવમાં રૂા. ૧૦ ની વધઘટ થાય.

કાર્તિક વદી ૧૨ તા. ૫ ડીસેમ્બર—મકરનો શુક્ર થાય છે તેથી દિવસ ૨૫ માં ગોળ, ખાંડ, ઘી, ધણેં, ચણા, જવ, અફીણ, ચાંદી, રૂ વિગેરે તેજ થાય.

માર્ગશીર્ષ માસ.

માગશાર સુદી ૧ તા. ૯ ડીસેમ્બર—મૂળ નક્ષત્રના બીજા ચરણમાં ગુરૂ જાય છે તેથી ૧૫ દિવસમાં ગાય, ભેંસ વિગેરેની ઘરાકી વિશેષ થાય,

માગશાર સુદી ૨ તા. ૧૦ ડીસેમ્બર—બુધનો ઉદય થાય છે, તેથી પાંચ દિવસમાં અફીણનો ભાવ નરમ પડે અને રૂ પ્રથમ મંદ થઇ પછી તેજ થાય.

માગસર સુદ ૩ તા. ૧૧ ડીસેમ્બર--આ દિવસે મુસલમાનોનો મોહરમ માસ બેસે છે અને બુધવાર છે, જેથી આ વર્ષમાં વ્યાપાર સારો ચાલે અને હાજર માલના વ્યાપારીઓને અધિક લાભ થાય.

માગસર સુદ ૫ તા. ૧૩ ડીસેમ્બર--શ્રવણનો શુક્ર થાય છે જેથી ૧૧ દીવસમાં પશુઓમાં રોગ ચાલે.

માગસર સુદ ૬ તા. ૧૪ ડીસેમ્બર—જેષ્ટાનો મંગળ થાય છે તેથી ૧૮ દીવસમાં રોગનો ઉપદ્રવ થાય, બુધ માર્ગી થાય છે તેથી પાંચ દિવસમાં ગોળ, ખાંડ, અફીણનો ભાવ મંદ પડી જાય. રૂ અને ચાંદીમાં વધઘટ થઈ છેવટ ભાવ તેજ થાય. ધન સંક્રાન્તી બેસે છે તેથી એક માસમાં ધાન્યની વૃદ્ધિ થાય. તલ તેલ ઘી વિગેરેની નિપજ કમી અને રૂ સુતર કાપડ શેંણ રેશમ ઉન વીગેરેની ગ્રાહકી વધારે થાય. માળવા કર્ણાટક વીગેરે દેશોમાં કષ્ટ થાય. ધાન્યના ભાવ ૨૦ દિવસ પછી તેજ થાય. સૂ. ગુ. એકઠા છે તેથી ૧૫ દિવસમાં ચાંદીમાં રૂા. ૨ તેજ થાય.

માગસર સુદ ૧૩ તા.૨૨ ડીસેમ્બર—જેષ્ટાનો બુધ થાય છે તેથી બાર દીવસમાં ગોળ ખાંડ તેજી થાય.

માગસર સુદ ૧૫ તા. ૨૪ ડીસેમ્બર—ધનિષ્ટાનો શુક્ર થાય છે તેથી ૧૧ દીવસમાં ચોખા, અડદ તેજ થાય, મુળ નક્ષત્રના ત્રીજા ચરણમાં ગુરૂ જાય છે તેથી ૧૫ દિવસમાં તલ, ગોળ, ખાંડ, મસુર, ઘઉં, જવ, ચણા રેશમ વિગેરે તેજ થાય.

માગસર વદી ૧–૨ તા. ૨૫ ડીસેમ્બર—બુધવાર, એક મહીનાસુધીમાં ચાંદીના ભાવમાં રૂ. ૨ થી ૩ ની વધઘટ થાય. તિથિ ક્ષય છે તેથી ૬ દીવસમાં અફીણુ તેજ થાય.

માગસર વદી ૩ તા. ૨૬ ડીસેમ્બર—મંગળનો ઉદય થાય છે જેથી અગ્નિનો ઉપદ્રવ અધિક થશે અને પાંચ દીવસમાં રૂનો ભાવ તેજ થાય.

માગસર વદી ૪ તા. ૨૭ ડીસેમ્બર—પૂર્વાષાઢાનો સૂર્ય થાય છે તેથી ૧૫ દીવસમાં નાળીએર વીગેરે સર્વે પ્રકારના ફળો તેજ થાય, તેથી તેમના વ્યાપારીઓને વિશેષ લાભ થાય.

માગસર વદી ૭ તા. ૩૦ ડીસેમ્બર—કુંભનો શુક્ર થાય છે તેથી ૨૬ દીવસમાં જગતમાં આનંદ થાય, રોગની શાન્તી, ધાન્યનો ભાવ મંદ, અફીણુ, ચાંદી વીગેરે તેજ, રૂનો ભાવ પ્રથમ મંદ થઇ પછી તેજ થાય.

માગસર વદી ૯ તા. ૧ જાન્યુઆરી—ધનનો મંગળ થાય છે તેથી ૪૧ દિવસમાં પીપળામૂળ, શીંઘોડાં, સુરણુ વગેરે કંદ, લાકડાં, ઘાસ, અફીણુ, ઘી, ચાંદી વિગેરે તેજ થાય. રૂમાં વધઘટ થઇ રૂા. ૧૫ થી ૨૦ ની તેજી થાય.

માગશર વદી ૧૧ તા. ૩ જાન્યુઆરી—ધનનો બુધ થાય છે, તેથી ૧૯ દિનમાં હાથીઓનો નાશ થાય. જંગલના જીવોને પીડા થાય, રૂનો ભાવ તેજ થાય.

માગશર વદી ૧૨ તા. ૪ જાન્યુઆરી—ગુરૂ ઉદય થાય છે તેથી કેટલાએક સ્થળે રોગ ચાલે, કેટલાએક સ્થળે વૃષ્ટિ થાય, અનાજની આવક સારી થાય, તેથી ભાવ ઉતરી જાય. આ ફળ ત્રણ મહિનાઓમાં મળે. ત્રણ દિવસ પછી અફીણનો ભાવ નરમ થાય, રૂનો ભાવ તેજ થાય, શતભિષાનો શુક્ર થાય છે તેથી ૧૨ દિવસમાં ગોળ, ખાંડ, ચોખા, રૂ વિગેરે તેજ થાય.

માગશર વદી ૦)) તા. ૭ જાન્યુઆરી—મંગળવાર અને પૂર્વાષાઢા છે તેથી આવતા ચોમાસામાં ટીડ વીગેરેનો ઉપદ્રવ થાય જેથી અનાજના ભાવ તેજ થાય.

પોસ માસ.

પોસ સુદી ૧ તા. ૮ જાન્યુઆરી—ઉતરાષાઢા નક્ષત્રમાં ચંદ્રનો ઉદય થાય છે, તેથી સર્વે જાતનાં કરીયાણાં, સર્વો જાતના રસકસ, અને અફીણ ૧૫ દિવસમાં તેજ થાય. મૂળ નક્ષત્રના ચોથા ચરણમાં ગુરૂ થાય છે, તેથી ૧૬ દિવસમાં ઘઉં, જવ, ચણા, મસુર, સરસવ, અળસી, તેલ, તલ, હળદર, મીઠું વિગેરેનો ભાવ નરમ થાય. અને તેથી આ વખતે ખરીદવાથી આગળ જતાં બે માસમાં લાભ થાય.

પોસ સુદી ૨ તા. ૯ જાન્યુઆરી—ઉતરાષાઢાનો સૂર્ય થાય છે, તેથી ૧૫ દિવસમાં સોની, લુહાર, ભાડભુંજા, ઇજનેર વિગેરે અગ્નિથી આ જીવિકા કરનારાઓને પીડા થાય.

પોસ સુદી ૫ તા. ૧૨ મી જાન્યુઆરી—પૂર્વાષાઢાનો બુધ થાય છે તેથી ૮ દિવસમાં અનાજનો ભાવ નરમ થાય.

પોસ સુદી ૬ તા. ૧૩ જાન્યુઆરી—મકરસંક્રાન્તિનો સૂર્ય થાય છે, તેથી એક મહીનામાં ઘી, ગોળ, તલ, તેલ, રૂ, ચાંદી, સોનાનો ભાવ તેજ થાય, અફીણ તથા અનાજનો ભાવ મંદ થાય અને, ટાઢની વૃદ્ધિ થાય. સંક્રાન્તિ સોમવારે બેસેછે તેથી જુવાર,મસુરનો ભાવ તેજ થાય. હીમ પડવાથી ચણાનો નાશ થાય, પરંતુ બીજા અનાજનો ભાવ નરમ થાય, બુધનો અસ્ત થાય છે તેથી એક મહીનામાં રૂના ભાવમાં રૂા. ૧૫ થી ૨૦ અને ચાંદીમાં રૂા. ૧ થી ૨ ની વધઘટ થાય, અર્થાત્ પ્રથમ તેજ પછી મંદ અને પાછો ભાવ તેજ થાય. અફીણના ભાવમાં રૂા. ૫૦) વધઘટ થાય.

પોસ સુદી ૯ તા. ૧૬ જાન્યુઆરી—પૂર્વાભાદ્રપદનો શુક્ર થાય છે તેથી ૧૩ દિવસમાં બ્રાહ્મણોને પીડા થાય.

પોસ સુદી ૧૩ તા. ૨૦ જાન્યુઆરી—પૂર્વાષાઢાનો મંગળ થાય છે, તેથી ૧૮ દિવસમાં વર્ષા વાદળ વિગેરેનું જોર થાય. ઘીનો ભાવ તેજ થાય, અને અનાજનો ભાવ મંદ થાય. ઉતરાષાઢાનો બુધ, થાય છે, તેથી ૮ દિવસમાં ખેતીની વૃદ્ધિ થાય.

પોસ સુદી ૧૪ તા. ૨૧ જાન્યુઆરી—માર્ગી શની પાછો વક્ર ગતિનો થાય છે, તેથી માર્ગી દશામાં જે ફળ આપેલું હોય તેથી ઉલટું આપે, અર્થાત્ અફીણનો ભાવ મંદ અને રૂનો ભાવ તેજ થાય.

પોસ સુદી ૧૫ તા. ૨૨ જાન્યુઆરીઃ—મકરનો બુધ થાય છે, તેથી ૧૮ દિવસમાં અફીણ, ચાંદીનો ભાવ કંઇક મંદ થાય અને રૂનો ભાવ કંઇક તેજ થાય.

પોસ વદી ૧ તા. ૨૩ જાન્યુઆરીઃ—ગુરૂવાર શ્રવણને રવીવાર તથા ઉત્તરા ભાદ્રપદના ત્રીજા ચરણનો રાહુ, અને હસ્ત પ્રથમ ચરણનો કેતુ થાય છે, તેથી બે મહીનામાં ચાંદી, હીરા, મોતી, સરસવ, રાઇ, ગોળ,

ખાંડ અને સુતરનો વધારો થાય. ૧૫ દિવસમાં ઘઊં જવ, વિગેરેની ઘરાકી વધારે થાય. પશ્ચિમના દેશોમાં કષ્ટ થાય, અને સુતર, કાપડ, મીલોના શેરોના ભાવમાં વધ ઘટ થાય.

પોષ વદી ૨ તા. ૨૪ જાન્યુઆરીઃ—પૂર્વાષાઢાના પ્રથમ ચરણનો ગુરૂ થાય છે, તેથી ૧૭ દિવસમાં ઘઊં, ચણા, જવ, વિગેરેની ખેતીમાં હાનિ થાય અને તલનો ભાવ તેજ થાય.

પોષ વદી ૩ તા. ૨૫ જાન્યુઆરીઃ—મીનનો શુક્ર થાય છે તેથી ૨૪ દિવસમાં અનાજની ગ્રાહકી વધારે થાય, અને ચાંદીના ભાવમાં વધઘટ થઇ છેવટ તેજ થાય.

પોષ વદી ૫, ૬ તા. ૨૭ જાન્યુઆરીઃ—ક્ષયતિથિ છે તેથી આ મહીનાના અંતમાં રૂના ભાવમાં રૂ. ૧૦ તેજ થાય અને બાર મહીનાની અંદર રૂ. ૪૦ તેજ થાય, અને દીવસ ૬ માં અફીણનો ભાવ મંદ થાય,

પોષ વદી ૭ તા. ૨૮ જાન્યુઆરી—શ્રવણનો બુધ થાય છે, તેથી સાત દિવસમાં ચણા, અળસીની ખેતી ઉપર હીમ પડવાથી નુકશાન થાય.

પોષ વદી ૮ તા. ૨૯ જાન્યુઆરી—ઊત્તરાભાદ્રપદાનો શુક્ર થાય છે, તેથી ૧૩ દિવસમાં જગતમાં સર્વ પ્રકારની સંપતિ તથા વ્યાપારીઓને લાભ થાય.

પોષ વદી ૧૪ તા. ૪ ફેબ્રુઆરી—ધનિષ્ટાનો બુધ થાય છે તેથી ૮ દિવસમાં ગાયોને પીડા થાય.

પોષ વદી ૧૪ બીજી તા. ૫ ફેબ્રુઆરી—તિથિ વૃદ્ધિ થાય છે તેથી પાંચ દિવસમાં અફીણનો ભાવ મંદ થાય. ધનિષ્ટાનો સૂર્ય થાય છે તેથી ૧૫ દિવસમાં ઘરાકોએ દેવાળાં કાઢવાથી ધનવાનોને નુકશાન તથા કષ્ટ ઉત્પન્ન થાય.

માઘ માસ.

માઘ સુદી ૧ તા. ૭ ફેબ્રુઆરી—ઊત્તરાષાઢાનો મંગળ થાય છે તેથી ૧૭ દિવસમાં કસ્તુરીઆ બિલાડાનો ભાવ તેજ થાય, ગાયોના દુધની કમતાઇ થાય, કોઇ કોઇ સ્થળે વાદળ, વૃષ્ટિ વિગેરેનું જોર થાય, અને ચોખા, તલ, અડદ, ઘી તેજ થાય. ચંદ્રનો ઊદય શુક્રવાર શતભિષા નક્ષત્રમાં થાય છે, તેથી ૧૫ દિવસમાં અફીણમાં રૂા. ૧૦૦ રૂમાં રૂા. ૧૦, ચાંદીમાં રૂા. ૨ તેજ, અને ઉનમાં રૂા. ૧૫ થી ૨૦ મંદી થાય. જો આ દિવસ વાયુ તથા વાદળાં વધારે થાય, અને વર્ષાદ ન થાય તો તેલ ખરીદવાથી ત્રણ મહીનામાં લાભ થાય.

માઘ સુદી ૨ તા. ૮ ફેબ્રુઆરી—કુંભનો બુધ થાય છે તેથી ૨૦ દિવસમાં રૂ ના ભાવમાં વધઘટ થાય, ચાંદી અને અફીણનો ભાવ મંદ થાય, જો આ દિવસ વાદળું તથા વીજળી થાય તો આગળ ધાન્ય ખરીદવાથી લાભ થાય.

માઘ સુદી ૩ તા. ૯ ફેબ્રુઆરી—પૂર્વાષાઢા નક્ષત્રના બીજા ચરણનો ગુરૂ થાય છે, તેથી ૧૮ દિવસમાં સુતર, ચાંદી, મોતી વિગેરેની ઘરાકી વધારે થાય, જેથી ભાવ પણ તેજ થાય. આ દિવસ વર્ષાદ ન વર્ષે અને ફક્ત ગાજવીજ થાય તો ઘઊં, જવ, ખરીદ કરી ત્રણ મહીના બાદ વેચવાથી લાભ થાય.

માઘ સુદી ૪ તા ૧૦ ફેબ્રુઆરી—જો આ દિવસ વાદળામાંથી વર્ષાદના છાંટા પડે તો નાળીએર ખરીદવાથી આગળ જતાં લાભ થાય.

માઘ સુદી ૫ તા. ૧૧ ફેબ્રુઆરી—મકરનો મંગળ થાય છે જેથી ૩૯ દીવસમાં અફીણ, ઘી, તેલ, ચાંદી, રૂ વીગેરેનો ભાવ તેજ થાય. અનાજનો ભાવ નરમ થાય.

વળી આ દિવસે કુંભ સંક્રાન્તિ બેસે છે જેથી એક મહીનામાં મીઠું, તલ, તેલનો ભાવ કંઇક તેજ થાય રૂ નો ભાવ કંઇક નરમ પડી જાય, અફીણ અને ચાંદીના ભાવમાં વધઘટ થાય, રાજાઓમાં પરસ્પર અશાન્તિ થાય, ધાન્યનો ભાવ સાધારણ છે. ગોળ, ખાંડ વિગેરેના ભાવને તેજ કરે મોતીના વેપારીઓને ખોટ જાય. જો આ દિવસે વાદળું થાય તો ફાગણમાં રૂનો ભાવ મંદ પડી જાય.

માઘ સુદી ૬ તા. ૧૨ ફેબ્રુઆરી--શતભિષાનો બુધ થાય છે તેથી ૮ દિવસમાં નીચ જાતિના લોકને કષ્ટ થાય.

માઘ સુદી ૭ તા. ૧૩ ફેબ્રુઆરી--ગુરૂવાર અને ભરણી નક્ષત્ર છે તેથી રોગની શાન્તિ થાય, ધાન્યની વૃદ્ધિ થાય, જો આ દિવસે ગાજવીજ, વાદળું, છાંટા વિગેરે થઇ મેઘનો ગર્ભ બંધાય તો ચોમાસામાં જોઇતો વર્ષાદ થઈ વર્ષ સારૂ નિવડે.

વળી બુધનો ઉદય થાય છે તેથી ત્રણ દિવસ પછી અફીણનો ભાવ મંદ અને રૂ તથા ચાંદીનો ભાવ કંઇક તેજ થાય.

માઘ સુદી ૧૨ તા. ૧૮ ફેબ્રુઆરી--શતભિષાનો સૂર્ય થાય છે તેથી ૧૫ દિવસમાં દારૂ વિગેરે માદક પદાર્થો પીનારાઓને નુકસાન થાય

માઘ સુદી ૧૪-૧૫ તા. ૨૦ ફેબ્રુઆરી—તિથિ ક્ષય છે તેથી ૧૦ દિવસમાં અનાજનો ભાવ તેજ અને અફીણનો ભાવ નરમ થાય. પૂર્વાભાદ્રપદનો બુધ થાય છે તેથી ૧૦ દિવસમાં રોગાદિકની શાન્તિ થાય.

માઘ વદી ૧-૨ તા. ૨૧-૨૨ ફેબ્રુઆરી--શુક્ર તથા શનિવાર છે તેથી એક મહીનાસુધીમાં ચાદીમાં રૂ. ૨ થી ૩ અને ઘઉંમાં રૂા. ૦। થી ૦।ાની વધઘટ થાય.

માઘ વદી ૪ તા. ૨૪ ફેબ્રુઆરીઃ--શ્રવણનો મંગળ થાય છે તેથી ૧૮ દિવસમાં ઘઊંની ખેતીમાં ગેરૂ વિગેરેનું નુકશાન થાય.

માઘ વદી ૭ તા. ર૭ ફેબ્રુઆરીઃ—મેષનો શુક્ર થાય છે તેથી ર૯ દિવસમાં ધાન્ય, અફીણ, રૂનો ભાવ તેજ થાય. ચાંદીનો ભાવ નરમ પડે અને ભેંસોને પીડા થાય. મીનનો બુધ થાય છે તેથી ૧૭ દિવસમાં ચાંદીમાં રૂ. ૧ા) ઘટી જાય. પૂર્વાષાઢાના ત્રીજા ચરણમાં ગુરૂ જાય છે. તેથી ૨૧ દિવસમાં હીરા, મોતી અને ચાંદીના ભાવમાં વધઘટ થાય.

માઘ વદી ૧૦ તા. ૧ માર્ચઃ—ઉત્તરા ભાદ્રપદનો બુધ થાય છે તેથી ૧૪ દિવસમાં પશુ પક્ષીઓને સુખ થાય.

માઘ વદી ૧૧ તા. ૨ માર્ચઃ—પૂર્વા ભાદ્રપદનો સૂર્ય થાય છે તેથી ૧૫ દિવસમાં ચોરોને દુઃખ થાય.

ફાગણ માસ.

ફાગણ સુદી ૧ તા. ૮ માર્ચ—શનીવાર છે તેથી એક મહીનામાં અફીણના ભાવમાં રૂા. ૧૦૦ થી ૨૦૦ તેજ થાય.

ફાગણ સુદી ૨ તા. ૯ માર્ચ—તિથિ વૃદ્ધિ થાય છે તેથી પાંચ દિવસમાં અનાજનો ભાવ મંદ અને અફીણનો ભાવ તેજ થાય. ચંદ્રનો ઉદય રવિવાર અને ઉત્તરાભાદ્રપદ નક્ષત્રમાં થાય છે તેથી એક વર્ષ સુધીમાં અગ્નિનો ઉપદ્રવ, તીડોથી ખેતીની હાનિ, અને ધાતુનો ભાવ તેજ થાય. ત્રણ દિવસમાં સર્વે વસ્તુઓનો ભાવ મંદ થાય.

ફાગણ સુદી ૫ તા. ૧૩ માર્ચ—મીન સંક્રાન્તિ બેસે છે તેથી એક મહીનામાં ધાન્ય, અફીણ, ચાંદીનો ભાવ તેજ થાય, તલ, તેલ,

મીઠું સાધારણ તેજ થાય, રૂમાં થોડી વધઘટ થાય, અનાજની ખપત થાય, ગોળના ભાવમાં વધઘટ થાય.

ફાગણ સુદી ૬ તા. ૧૪ માર્ચ:—ધનિષ્ટાનો મંગળ થાય છે તેથી ૧૮ દિવસમાં ગોળ, ખાંડનો ભાવ નરમ પડી જાય, બજારમાં નાણાંની તંગીને લીધે વ્યાજખોરોને લાભ થાય.

ફાગણ સુદી ૭ તા. ૧૫ માર્ચ:—કૃતિકા નક્ષત્રના ત્રીજા ચરણનો શનિ થાય છે તેથી ત્રાંબુ, ચાંદી વીગેરે ધાતુનો ભાવ નરમ, અને કરીઆણાનો ભાવ તેજ થાય.

ફાગણ સુદી ૮-૯ તા. ૧૬ માર્ચ—તિથિ ક્ષય છે તેથી પાંચ દિવસમાં અફીણનો ભાવ તેજ થાય. ઊત્તરાભાદ્રપદનો સૂર્ય થાય છે તેથી ૧૫ દિવસમાં ચોખા વિગેરેનો ભાવ તેજ થાય. બુધ વક્ર ગતિનો થાય છે તેથી ૨૪ દિવસમાં રૂ તથા ચાંદીમાં વધઘટ થઈ આખર તેજી થાય. ગોળ, ખાંડ, ઘી, અફીણ તેજ અને અનાજનો ભાવ નરમ રહે.

ફાગણ સુદી ૧૩ તા. ૨૦ માર્ચ—બુધનો અસ્ત થાય છે તેથી રૂ ના ભાવમાં રૂા. ૧૦ થી ૧૫ ની વધઘટ થાય. પ્રથમ ભાવ તેજ થઇ પછી નરમ પડી જાય. પૂર્વાષાઢા નક્ષત્રના ચોથા ચરણનો ગુરૂ થાય છે તેથી ૧૦ દિવસમાં સવા, મેથી, જીરૂં, વરીઆળી, લાખ, ગળી વિગેરેનો ભાવ મંદ પડી જાય.

ફાગણ સુદી ૧૪ તા. ૨૧ માર્ચ—હોળી અને શુક્રવાર છે તેથી જગતમાં આનંદ રહે.

ફાગણ સુદી ૧૫ તા. ૨૨ માર્ચ—કુંભનો મંગળ થાય છે તેથી

દોઢ માસમાં ઘાસ અને અનાજનો ભાવ તેજ થાય. અફીણનો ભાવ રૂા. ૧૦૦) નરમ થાય. રૂ અને ચાંદીના ભાવમાં વધઘટ થાય તેમજ મીલોના શેરોના ભાવ કંઇક મંદ રહે. આ દિવસે વળી ચંદ્ર ગ્રહણ છે તેથી ચાંદીના ભાવમાં બે મહીનામાં રૂા. ૨ થી ૩ ની વધઘટ થાય.

ફાગણ વદી ૩ તા. ૨૫ માર્ચ—ભરણીનો શુક્ર થાય છે, તેથી ૧૧ દિવસમાં મગ, અડદ, ચણા, ચોખ્ખા વિગેરેનો ભાવ તેજ અને અળસીનો ભાવ મંદ થાય.

ફાગણ વદી ૫ તા. ૨૭ માર્ચ—ઊત્તરા ભાદ્રપદના બીજા ચરણનો રાહુ, અને ઊત્તરા ફા. ના ચોથા ચરણનો કેતુ થાય છે, તેથી બે મહીનામાં કંદમૂળ, ફળફુલ, ચંદનનો ભાવ નરમ થાય. અને રૂનો ભાવ જે ચાર મહીનાથી તેજીનો ચાલ્યો આવતો હતો તે યોગ બદલાઇ મંદીનો થઇ ગયો.

ફાગણ વદી ૬ તા. ૨૮ માર્ચ—શુક્ર વક્ર ગતિનો થાય છે તેથી એક મહીનામાં અનાજનો ભાવ મંદ થાય. બુધ અને શુક્ર ગ્રહો વક્રીના થાય છે તેથી એક મહીનામાં ધાન્યનો ભાવ અવશ્ય મંદ થાય. જેથી આ વખતે ખરીદવાથી ચૈત્રી સં. ૧૯૭૦ માં અવશ્ય લાભ થાય.

ફાગણ વદી ૮ તા. ૩૦ માર્ચ—રેવતીનો સૂર્ય થાય છે, તેથી ૧૫ દિવસમાં નાળીએર વિગેરે સર્વે ફળો, સર્વ પ્રકારનાં ફુલો, શંખ, મોતી, સિંધવ, કમળકાકડીનો ભાવ તેજ થાય.

ફાગણ વદી ૯ તા. ૩૧ માર્ચ—શતભિષાનો મંગળ થાય છે તેથી ૨૦ દિવસમાં અનાજની પેંદાશ સારી થાય.

ફાગણ વદી ૧૩ તા. ૪ એપ્રીલ—બુધનો ઊદય થાય છે

તેથી પાંચ દિવસમાં અફીણુનો ભાવ મંદ અને રૂ ના ભાવ કંઇક તેજ થાય.

ફાગણ વદી ૧૪ તા ૫. એપ્રીલ—અશ્વિનીનો શુક્ર થાય છે તેથી દશ દિવસમાં અફીણ અને અળસીનો ભાવ મંદ થાય.

સં. ૧૯૬૯ ના ભાવી ફળનો સંક્ષિપ્ત સારાંશ.

આ વર્ષમાં રાજા ચંદ્ર, મંત્રિ શુક્ર, અનાજનો સ્વામી ચંદ્ર, મેઘેશ ગુરૂ, રસનો સ્વામિ બુધ, ફ્લેશગુરૂ, મેઘનું સ્થાનક મા[illegible]ના ઘેર અને રોહીણીનો નિવાસ સમુદ્રમાં છે, એ પ્રમાણે સર્વે શુભ યોગ બન્યા છે જેથી વૃષ્ટિ શ્રેષ્ટ થાય, ખેતી વાડીની વૃદ્ધિ થાય, વૃક્ષોમાં ફળફુલ સારાં આવે, અનાજની પેદાશ મધ્યમ થાય. પશુઓને સુખ થાય અને રાજા પ્રજા આનંદમાં રહે. પરંતુ સંવત્સર પ્રથમ રક્તાક્ષિ નામનો હોઇ પછી ક્રોધન નામનો થાય છે. પાછલા ધાન્યનો સ્વામિ શનિ થાય છે, વૃશ્ચિક રાશિનો બૃહસ્પતિ થાય છે. વર્ષનું નામ જેષ્ટ છે, આવર્ત નામનો મેઘ છે, અને એક્ક સ્થંભ પૂર્ણ નથી વિગેરે અશુભ યોગો પણ બનેલા છે જેથી વર્ષાદની કંઇક હાનિ, ખેતીમાં ઉપદ્રવ, ધાન્યમાં વધઘટ, અને અગ્નિ, ચોર વિગેરેનો ઉપદ્રવ પણ થાય.

વૃષ્ટિને માટે વિચાર કરતાં સપ્ત નાડીચક્રમાં સૂર્ય, મંગળ, બુધ, શુક્ર એ ચાર ગ્રહ જળનાડીમાં છે, અને ગુરૂ, શનિ તથા રાહુ એ ત્રણ ગ્રહો નિર્જળ નાડીઓમાં છે. જેથી વર્ષાદ સાધારણ રીતે સારો થાય. પરંતુ વર્ષાદનો આરંભ જેઠ મહીનામાંથી થઇ ચોમાસાના આગલા ભાગમાં કોઈ કોઇ સ્થળે અધિક અથવા અતિવૃષ્ટિનો ઉપદ્રવ થશે, પરંતુ

પખવાડે જતાં કોઇ કોઇ ઠેકાણે વર્ષાદની તાણ રહેશે. અનાજના સંબં-ધમાં રાહુ તેજી કરવાવાળો છે, ત્યારે બુધ અને શુક્ર મંદી કરવાવાળા, અને ગુરૂ તથા શનિ એ બન્ને ગ્રહ તેજી તેમજ મંદી બન્ને કરવાવાળા છે. જેથી અનાજનો ભાવ વર્ષની શરૂઆતમાં નરમ રહી પછી તેજ થાય, તે ફરીથી અડધું ચોમાસું જતાં નરમ પડી ફરીથી પાછો તેજ થાય. અનાજના ભાવમાં ચોમાસામાં વારેઘડીએ ફેરફાર થાય.

અફીણ અને ઊનના સંબંધમાં ત્રણ વર્ષ થયાં જે તેજીનો યોગ ચાલતો હતો તે પુરો થયો છે. જેથી હવે મંદી થવી જોઇએ; પરંતુ આ વર્ષમાં પણ મંગળ તેજી કરવાવાળો છે, તેથી તેજી પણ રહેશે, તો પણ મંદીની અસર ઘણા ભાગે રહેશે. રૂ ના સંબંધમાં ગયા સંવત ૧૯૬૮ ના ફળમાં અમે જણાવ્યું હતું કે વર્ષના આરંભથી લેઈ ચોમાસાના અંત સુધી વધઘટ થઇ છેવટ મંદી થઇ જશે. અને એ મુજબ મંદી પણ અતિશય થઈ ગઈ હતી. પરંતુ ચોમાસા બાદ વૃશ્ચિક રાશિમાં ગુરૂ આવવાથી ઘણી તેજી થઇ પાછી મંદી થવાનું લખ્યું હતું તે પ્રમાણે તેજી પણ થઇ હતી. હવે આ વર્ષના માટે સોમવારનું ચંદ્રગ્રહણ હોઇ ઊત્તરાભાદ્રપદમાં રાહુ આવે છે, જેથી વર્ષની શરૂઆતમાં તેજી થઇ ચોમાસામાં પાછી મંદી થશે તે પાછી દીવાળી લગભગ તેજી થશે ગુરૂ ધન રાશિમાં છે તે પણ એવી વધઘટ કરવાના સ્વભાવવાળો છે.

શેંણ તેમજ સુતરના માટે તેજી કરવાવાળા યોગ અધિક અને મંદી કરનારા યોગ થોડા છે, તેથી વધઘટ થઈ છેવટ તેજીની અસર રહેશે.

મીલના શેરોના ભાવમાં પણ વધઘટ અધિક થશે. પ્રથમ મંદી, વચમાં તેજી અને છેવટમાં મંદી રહેશે.

ચાંદીના સંબંધમાં વધઘટ કરનારા યોગો ઘણા ઉત્પન્ન થયા છે. આ વર્ષમાં ગ્રહણ ત્રણ છે તેની અસર ચાંદી ઉપર ઘણી થશે. વળી

નિ છે તે પણ ચાંદીની ઉપર અસર કરવાવાળો છે.
એ તેજી મંદી થયાં કરશે. જ્યારે તેજી ચાલશે ત્યારે
ની અને મંદી આવશે ત્યારે પણ રૂા. ૩ થી ૪ નો
એવો ફેરફાર વર્ષમાં બે ચાર બખત થશે.

ઓના માટે આ વર્ષમાં શનિ રાહુ લાભ કરવાવાળા છે,
ન કરનારો છે. જેથી મોટા વ્યાપારીઓને લાભ અને પર-
રીઓને નુકશાન થશે. આગળ સો વર્ષ પહેલાં સં. ૧૮૬૯
યંકર દુકાળ પડ્યો હતો. જેથી આ વખતે પણ લોકો
તા દેખાવ છે કે અગણોતરો દુકાળ પડશે. પરંતુ આ વખતે
રાખવાનું કંઈ પણ કારણ નથી. કેમકે આ વખતે ગ્રહચક્રમાં
ળને કંઇ પણ અધિકાર મળ્યો નથી, શનિને ૧ અધિકાર
, બાકી નવ અધિકાર શુભ ગ્રહોને મળ્યા છે જેથી જગતમાં
રે શુભફળ મળશે. પરંતુ ચંદ્રમાને ચાર અધિકાર મળ્યા છે
દ્રની હમેશાં ક્ષીણ વૃદ્ધિ થયાં કરે છે. જેથી શુભ ફળમાં કંઇક
ડશે. તો પણ આ વર્ષ ગયા અગણોતરા જેવું તો ખરાબ નહિ
એટલું નહિ, પરંતુ ગયા સૈકાના સડસઠા જેવું સારૂં નિવડશે.
જ્યોતિષ શાસ્ત્ર પ્રમાણે વિચાર કરતાં તો એ પ્રમાણે સાધારણ
સારૂં વર્ષ નિવડે, પછી તો જે ઈશ્વર કરે તે ખરૂં; કારણ કેઃ—

तत्वं चात्रेश्वरो वेत्ति नाहं वेद्मि कदाचन ।
यि जल्पन्ति नरा नित्यं ग्रहचारेण सुस्फुटम् ।
तेषायं विमलं कीर्तिं नजायन्ते महीतले ॥

સમાપ્ત.